સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 25

[JUNE - 2020]
[14/06/20 to 20/06/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)






START FROM 07/07/2020 મંગળવારથી
દરરોજ સવારે 9 વાગ્યે

ભારતનું બંધારણ
MCQ SERIES
ડિજીટલ પ્લેટફોર્મ YOUTUBE
પર બંધારણની MCQ SERIES


## CURRENT TOPICS

- ભારતમાં 'વિદેશી મુદ્રા ભંડાર' (Foreign Exchange Reserves) પ્રથમ વખત 500 અબજ ડોલરને પાર
- ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા ભારતના પ્રથમ ગેસ ટ્રેડિંગ પ્લેટફોર્મ 'ભારતીય ગેસ એક્સચેન્જ' (Indian Gas Exchange-IGEX)નો પ્રારંભ
- સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદના અસ્થાઈ સભ્ય તરીકે ભારત 8મી વખત ચૂંટાયું
- 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં 41 કોલસા ખાણોની કોમર્શિયલ હરાજી પ્રક્રિયાનો પ્રારંભ
- ભારતના રાજ્યોમાં રમતગમતની સુવિધાઓને મજબૂત બનાવવા ભારતમાં 'Khelo India State Centres of Excellence'ની સ્થાપના કરવામાં આવશે
- ચીન દ્વારા થયેલી અથડામણના જવાબમાં ભારતના બહાદૂર જવાનોએ ચીનના 44 સૈનિકોને મોતને ઘાટ ઉતાર્યા


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

**14 JUNE, 2020 SUNDAY**

## ➤ દિવસ મહિમા : 14 જૂન, વિશ્વ રક્તદાન દિવસ અથવા તો વિશ્વ સ્વૈચ્છિક રક્તદાન દિવસ (World Blood Donor Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 14 જૂનના રોજ 'વિશ્વ રક્તદાન દિવસ' અથવા તો 'વિશ્વ સ્વૈચ્છિક રક્તદાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- તેની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2004થી થયો હતો.
- સલામત રક્ત અને રક્ત ઉત્પાદનો અંગે જાગૃતિ લાવવા માટે તથા સ્વૈચ્છિક રીતે રક્તદાન કરનાર દાતાઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરીને તેમને આ કાર્ય માટે પ્રોત્સાહન આપવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- 'વિશ્વ રક્તદાન દિવસ' વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેન (WHO) દ્વારા ચલાવવામાં આવતા આઠ સત્તાવાર વૈશ્વિક આરોગ્ય અભિયાનોમાંનું એક છે.
- આ આઠ અભિયાનોમાં વિશ્વ રક્તદાન દિવસ ઉપરાંત વિશ્વ તમાકુ વિરોધ દિન, વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન વીક, વિશ્વ મલેરિયા દિવસ, વર્લ્ડ હેપેટાઈટિસ ડે, વિશ્વ એઈડ્સ દિવસ, વિશ્વ આરોગ્ય દિવસ અને વિશ્વ ક્ષય રોગ દિવસનો સમાવેશ થાય છે.
- વર્ષ 2019ની 'વિશ્વ રક્તદાન દિવસ'ની થીમ 'Safe blood for all' હતી.
- જ્યારે વર્ષ 2020ની 'વિશ્વ રક્તદાન દિવસ'ની થીમ 'Safe Blood, Saves Lives' (સુરક્ષિત લોહી જીવન બચાવે છે) તે છે.
- આ ઉપરાંત વર્ષ 2020નું 'વિશ્વ રક્તદાન દિવસ'નું સ્લોગન 'Give Blood And Make The World A Healthier Place' (લોહી આપો અને વિશ્વને એક સ્વસ્થ સ્થળ બનાવો) છે.

**નોંધ :**(1) પ્રસિદ્ધ વૈજ્ઞાનિક શ્રી કાર્લ લેન્ડસ્ટેઈનરની યાદમાં તેમની જન્મ તારીખ 14 જૂનના રોજ 'વિશ્વ રક્તદાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

(2) શ્રી કાર્લ લેન્ડસ્ટેઈનરનો જન્મ 14 જૂન, 1868ના રોજ થયો હતો.

(3) તેમણે ઈ.સ. 1901માં A, B અને O બ્લડ ગ્રુપની શોધ કરી હતી. અને તેમની આ શોધ માટે તેમને 1930માં નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ સ્કૂલના વિદ્યાર્થીઓ માટે ઈસરો દ્વારા 'ઈસરો સાયબર સ્પેસ સ્પર્ધા 2020' લોન્ચ

ભારતની અવકાશ સંસ્થા ઈસરો (ISRO) દ્વારા સ્કૂલના વિદ્યાર્થીઓ માટે 'ઈસરો સાયબર સ્પેસ સ્પર્ધા 2020' (ISRO Cyberspace Competitions 2020) નામથી એક ઓનલાઈન સ્પર્ધા લોન્ચ કરવામાં આવી છે.

- આ અંતર્ગત સ્કૂલના વિદ્યાર્થીઓ માટે અવકાશ વિજ્ઞાન અને ટેક્નોલોજી અંગે સ્પર્ધા યોજવામાં આવશે.
- આ સ્પર્ધા ચાર કેટેગરીમાં યોજાશે.
- ચાર કેટેગરીમાં યોજાનાર આ સ્પર્ધા વિશેની માહિતી આ પ્રમાણે છે :

| ક્રમ | કયા ધોરણના વિદ્યાર્થીઓ માટે | કઈ સ્પર્ધા યોજાશે ? |
|---|---|---|
| 1 | ધોરણ 1 થી 3 | ચિત્રકળા સ્પર્ધા |
| 2 | ધોરણ 4 થી 8 | વિજ્ઞાન મોડલના નિર્માણ સંબંધિત સ્પર્ધા |
| 3 | ધોરણ 9 અને 10 | નિબંધ સ્પર્ધા |
| 4 | ધોરણ 11 અને 12 | નિબંધ લેખન અને પ્રશ્નજવાબ સ્પર્ધા |

**નોંધ :** આ સ્પર્ધામાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓએ ઈસરોની વેબસાઈટ isro.gov.in પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ISRO

ISROનું પૂરું નામ Indian Space Research Organisation (ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર) છે.

- ઈસરો એ ભારતની મુખ્ય અવકાશ સંસ્થા છે.
- વિશ્વની સૌથી મોટી 6 સરકારી સ્પેસ એજન્સીઓમાં તેનો સમાવેશ થાય છે.
- ઈસરોની સ્થાપના 15 ઓગસ્ટ, 1969ના રોજ થઈ હતી.
- જોકે INCOSPAR (Indian National Committee for Space Research) રૂપે તેની સ્થાપના 1962માં થઈ હતી.
- ઈસરોનું વડું મથક કર્ણાટકના બેંગાલુરુ ખાતે આવેલું છે.
- તેનું આદર્શ વાક્ય 'માનવ જાતિની સેવામાં અવકાશ ટેક્નોલોજી' છે.
- ઈસરોના વર્તમાન (14 જૂન, 2020ની સ્થિતિએ) વડા ડો. કે. સિવન અથવા તો ડો. કૈલાસવદિવૂ સિવન છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➢ વિશ્વના સૌથી વૃદ્ધ ક્રિકેટર શ્રી વસંત રાયજીનું નિધન

ભારતના પ્રસિદ્ધ પૂર્વ ક્રિકેટર અને લેખક **શ્રી વસંત રાયજીનું** 13 જૂન 2020ના રોજ **મહારાષ્ટ્રના મુંબઇ** ખાતે **100 વર્ષની** વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 26 જાન્યુઆરી 1920ના રોજ **ગુજરાતના વડોદરા** ખાતે થયો હતો.
- 7 માર્ચ 2020ના રોજ **ઇંગ્લેન્ડના** પૂર્વ ફર્સ્ટ કલાસ ક્રિકેટર **શ્રી જ્હોન મેનર્સના** 105 વર્ષની વયે થયેલા નિધન બાદ **શ્રી વસંત રાયજી વિશ્વના સૌથી વૃદ્ધ ફર્સ્ટ કલાસ ક્રિકેટર** બની ગયા હતા.
- શ્રી વસંત રાયજીએ 1940ના દાયકામાં 9 ફર્સ્ટ કલાસ મેચો રમીને કુલ 277 રન કર્યા હતા.
- શ્રી વસંત રાયજીએ તેમની ક્રિકેટ કારકિર્દીનો પ્રારંભ **1939માં ક્રિકેટ કલબ ઓફ ઈન્ડિયા** તરફથી મેચ રમીને કર્યો હતો.
- તેમણે **ભારતીય ક્રિકેટના પ્રારંભિક ઈતિહાસ** વિશે અનેક મહત્ત્વના **પુસ્તકો** લખ્યા હતા.
- તેઓ મુંબઈની **જોલી ક્રિકેટ કલબના** સ્થાપક સભ્ય પણ હતા.

**નોંધ :** (1) 26 જાન્યુઆરી 2020ના રોજ **શ્રી વસંત રાયજીનો 100મો જન્મદિવસ** ઉજવવા માટે ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર **શ્રી સચિન તેંડુલકર** અને ઑસ્ટ્રેલિયા પૂર્વ કેપ્ટન **શ્રી સ્ટીવ વો** કેક સાથે ઉપસ્થિત રહ્યા હતા.

(2) શ્રી વસંત રાયજીના નિધન બાદ **ન્યુઝિલેન્ડના** પ્રસિદ્ધ ક્રિકેટર **શ્રી એલન બર્ગેસ વિશ્વના સૌથી વૃદ્ધ ફર્સ્ટ કલાસ ક્રિકેટર** બની ગયા છે. તેમનો જન્મ 1 મે 1920ના રોજ થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➢ IIT ખડગપુરના સંશોધકોએ સોશિયલ ડિસ્ટન્સિંગના પાલન માટે AI આધારિત સિસ્ટમ વિકસાવી

ભારતના **પશ્ચિમ બંગાળમાં** આવેલી **IIT ખડગપુરના** સંશોધકોએ તાજેતરમાં **AI** એટલે કે **Artificial Intelligence (કૃત્રિમ બુદ્ધિમત્તા)** આધારિત એક સિસ્ટમ વિકસાવી છે.

- AI આધારિત આ સિસ્ટમ **Social Distancingના પાલન માટે** ખૂબ જ ઉપયોગી છે.
- આ સિસ્ટમની મદદથી બજાર અને મોલ સહિતની ભીડવાળી જગ્યાએ સોશિયલ ડિસ્ટન્સિંગની દેખરેખ રાખી શકાય છે.
- AI આધારિત આ સિસ્ટમ બે અથવા તો તેથી વધુ વ્યકિતઓ વચ્ચે રહેલા અંતરની જાતે જ માહિતી મેળવી શકે છે. અને સોશિયલ ડિસ્ટન્સિંગના ભંગની સ્થિતિમાં અવાજની મદદથી ચેતવણી આપી શકે છે.
- લોકોને ઓછા ખર્ચે આ ડિવાઈસ ઉપલબ્ધ થઈ શકે તે માટે IIT ખડગપુરના સંશોધકોએ આ ઉપકરણને સસ્તી અને ખૂબ જ સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તેવી હાર્ડવેર સામગ્રીથી તેનું નિર્માણ કર્યું છે.

## ➤ ભારતમાં આરોગ્ય સાથે સંકળાયેલી પ્રોડકટોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા 'આરોગ્ય પથ' (Aarogya Path) પોર્ટલ લોન્ચ

12 જૂન 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના <u>વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય</u> દ્વારા <u>'આરોગ્ય પથ' (Aarogya Path)</u> નામથી એક <u>પોર્ટલ</u> લોન્ચ કરવામાં આવ્યું છે.

- આ પોર્ટલનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં રિયલ ટાઈમ આધારિત આરોગ્ય સંબંધિત પ્રોડકટોની સપ્લાયની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો છે.
- આ ઉપરાંત આ પોર્ટલની મદદથી આરોગ્યને લગતી પ્રોડકટોના ઉત્પાદકોને ગ્રાહકોના વિશાળ નેટવર્ક સુધી પહોંચવામાં પણ મદદ મળશે.
- આ પોર્ટલ <u>CSIR</u> એટલે કે <u>Council of Scientific and Industrial Researchનું</u> <u>'નેશનલ હેલ્થકેર સપ્લાય ચેઈન પોર્ટલ'</u> છે.
- આ પોર્ટલની મદદથી PPE કીટ, ડાયગ્નોસ્ટિક કીટ, મેડિકલ સાધનો ઉપરાંત દવાઓ સહિતની તમામ મેડિકલ પ્રોડકટો એક જ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. 'વિશ્વ રકતદાન દિવસ' અથવા તો 'વિશ્વ સ્વૈચ્છિક રકતદાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 11 જૂન (B) 12 જૂન (C) 13 જૂન (D) 14 જૂન — **(D)**

2. વર્ષ 2020ની 'વિશ્વ રકતદાન દિવસ'ની થીમ શું છે ?
   (A) Give Blood. Give Now. Give Often.
   (B) Safe Blood, Saves Lives
   (C) Safe Blood for Saving Mothers
   (D) Safe Blood for All — **(B)**

3. કયા પ્રસિદ્ધ વૈજ્ઞાનિકનો જન્મદિન 14 જૂન 'વિશ્વ રકતદાન દિવસ' તરીકે ઉજવાય છે ?
   (A) શ્રી ટિમોથી બર્નર્સ લી (B) શ્રી જેમ્સ વોટ્સન
   (C) શ્રી કાર્લ લેન્ડસ્ટેઈનર (D) શ્રી એલન ગુથ — **(C)**

4. A, B અને O બ્લડ ગ્રુપના શોધકનું નામ શું છે ?
   (A) શ્રી ટિમોથી ચાર્લ્સ લી (B) શ્રી કાર્લ મેકમાસ્ટર
   (C) શ્રી એલન હ્યુજ (D) શ્રી કાર્લ લેન્ડરસ્ટેઈનર — **(D)**

5. તાજેતરમાં શ્રી વસંત રાયજીનું નિધન થયું છે...તેઓ કઈ રમત સાથે સંકળાયેલા હતા ?
   (A) હોકી (B) ફૂટબોલ (C) ક્રિકેટ (D) ટેનિસ — **(C)**

6. સ્કૂલના વિદ્યાર્થીઓ માટે ઈસરો દ્વારા તાજેતરમાં કઈ સ્પર્ધા લોન્ચ કરવામાં આવી છે ?
   (A) ઈસરો સાયબર સ્પેસ સ્પર્ધા 2020
   (B) ઈસરો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સ્પર્ધા 2020
   (C) ઈસરો રોબોટિક ટેક્નોલોજી સ્પર્ધા 2020
   (D) ઈસરો અર્થ સાયન્સ સ્પર્ધા 2020 **(A)**

7. ઈસરો દ્વારા તાજેતરમાં સ્કૂલના કયા ધોરણના બાળકો માટે 'ઈસરો સાયબર સ્પેસ સ્પર્ધા 2020' લોન્ચ કરવમાં આવી છે ?
   (A) ધોરણ 1 થી 8 (B) ધોરણ 9 થી 10
   (C) ધોરણ 11 થી 12 (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

8. વિશ્વના સૌથી વૃદ્ધ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટર શ્રી વસંત રાયજીનું 100 વર્ષની વયે નિધન થયું છે... તેમનો જન્મ કયાં થયો હતો ?
   (A) મુંબઈ (B) અમદાવાદ (C) વડોદરા (D) જામનગર **(C)**

9. ભારતની કઈ સંસ્થાના સંશોધકોએ સોશિયલ ડિસ્ટન્સિંગના પાલન માટેનું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત ડિવાઈસ વિકસાવ્યું છે ?
   (A) IIT મુંબઈ (B) IIT ખડગપુર (C) IIT હૈદરાબાદ (D) IIT બેંગાલુરુ **(B)**

10. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા CSIRનું કયું નેશનલ હેલ્થકેર સપ્લાય ચેઈન પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે ?
   (A) આરોગ્ય રથ (B) આરોગ્ય પથ (C) આરોગ્ય મિત્ર (D) આરોગ્ય સેવા **(B)**

11. ભારતમાં આરોગ્ય સંબંધિત પ્રોડકટોની સપ્લાયની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા 'આરોગ્ય પથ' નામનું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે ?
   (A) આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (B) માનવ સંસાધન વિકાસ મંત્રાલય
   (C) આયુષ મંત્રાલય (D) વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય **(D)**

12. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવેલા 'આરોગ્ય પથ' પોર્ટલનો મુખ્ય ઉદ્દેશ શું છે ?
   (A) ભારતમાં આરોગ્ય કેન્દ્રો સુધી નાગરિકોની પહોંચ સુનિશ્ચિત કરવી
   (B) ભારતના ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય સેવા ઉપલબ્ધ કરાવવી
   (C) ભારતમાં આરોગ્ય સંબંધિત પ્રોડકટોની સપ્લાયની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી
   (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**15 JUNE, 2020 MONDAY**

## ➤ દિવસ મહિમા : 15 જૂન, વૈશ્વિક પવન દિવસ (Global Wind Day)

## ➤ ભારતમાં 'વિદેશી મુદ્રા ભંડાર' (Foreign Exchange Reserves) પ્રથમ વખત 500 અબજ ડોલરને પાર

**રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)** દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા આંકડા અનુસાર **જૂન મહિનાના પ્રથમ સપ્તાહ**માં ભારતમાં **'વિદેશી મુદ્રા ભંડાર' (Foreign Exchange Reserves)** વધીને **501.70 અબજ ડોલર** થઈ ગયો છે.

- ભારતમાં 'વિદેશી મુદ્રા ભંડાર' **500 અબજ ડોલર** અથવા તો **500 બિલિયન ડોલર**ને પાર થયો હોય એવી આ **પ્રથમ ઘટના** છે.

### ભારતમાં વિદેશી મુદ્રા ભંડારમાં વૃદ્ધિનું કારણ

ભારતમાં વિદેશી મુદ્રા ભંડારમાં વૃદ્ધિનું મુખ્ય કારણ **Foreign Currency Assets (FCAs)**માં થયેલી વૃદ્ધિ છે.

- ભારતમાં વિદેશી મુદ્રા ભંડારમાં **ફોરેન કરન્સી એસેટ્સ (FCAs)**નું ખૂબ મોટું યોગદાન છે.
- જૂનના પ્રથમ સપ્તાહમાં તે 8.42 અબજ ડોલર વધીને **463.63 અબજ ડોલર** થઈ ગયું હતું.
- આથી, ભારતમાં 'વિદેશી મુદ્રા ભંડાર'માં વધારો જોવા મળ્યો છે.

**નોંધ :** (1) ભારતમાં જૂનના પ્રથમ સપ્તાહ અગાઉના **29 મે 2020**ના રોજ પૂરા થયેલા સપ્તાહમાં 'વિદેશી મુદ્રા ભંડાર' **493.48 અબજ ડોલર** હતું.

(2) તેમાં **8.22 અબજ ડોલર**નો વધારો થઈને **5 જૂન 2020**ના રોજ પૂરા થયેલા **જૂનના પ્રથમ સપ્તાહ**માં તે **501.70 અબજ ડોલર** થઈ ગયો હતો.

## ➤ COVID-19ની દેખરેખ માટે ભારતીય રેલવે દ્વારા કેપ્ટન 'અર્જુન' નામનો રોબોટ લોન્ચ

**ભારતીય રેલવે** દ્વારા તાજેતરમાં **કેપ્ટન 'અર્જુન'** અથવા તો **રોબોટિક કેપ્ટન 'અર્જુન'** નામનો એક રોબોટ લોન્ચ કરવામાં આવ્યો છે.

- ભારતમાં ભારતીય રેલવેના **સેન્ટ્રલ રેલવે ઝોન**ના **પૂણે**ના રેલવે સુરક્ષા દળ દ્વારા આ રોબોટ લોન્ચ કરવામાં આવ્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અર્જુનનું પૂરું નામ

**‘અર્જુન’ (ARJUN)**નું પૂરું નામ **Always be Responsible and Just Use to be Nice** છે.

## આ રોબોટનો ઉદ્દેશ

ભારતમાં **પૂણે રેલવે સ્ટેશન** પર કોરોના સંક્રમણની દેખરેખ માટે લોકોનું સ્ક્રીનિંગ કરવા માટે ‘કેપ્ટન અર્જુન’ નામનો આ રોબોટ લોન્ચ કરવામાં આવ્યો છે.

- આ રોબોટ દ્વારા પ્લેટફોર્મ પર આવનાર તમામ યાત્રીઓનું સ્ક્રીનિંગ કરવામાં આવશે.
- આ ઉપરાંત વિશેષ કેમેરાથી સજ્જ આ રોબોટ અસામાજિક તત્ત્વો ઉપર નજર રાખવા માટે પણ ઉપયોગી થશે.
- આ માટે આ રોબોટમાં **'Artificial Intelligence' (AI)**નો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે.

## ➤ ભારતમાં સુરક્ષા દળોની વર્દીને કીટાણુ મુક્ત બનાવવા DRDO દ્વારા ‘જર્મીકલીન’ (Germiklean) નામની સેનિટાઈઝિંગ ચેમ્બરનું નિર્માણ

**DRDO** દ્વારા તાજેતરમાં **‘જર્મીકલીન’ (Germiklean)** નામની એક **સેનિટાઈઝિંગ ચેમ્બરનું** નિર્માણ કરવામાં આવ્યું છે.




- આ સેનેટાઈઝિંગ ચેમ્બરના નિર્માણનો મુખ્ય ઉદ્દેશ **સુરક્ષા દળોની વર્દીને કીટાણુ મુક્ત** બનાવવાનો છે.
- આથી, આ ચેમ્બરમાં માત્ર 15 મિનિટમાં 25 જોડી યુનિફોર્મને સેનિટાઈઝ કરી શકાય છે.
- DRDO દ્વારા વિકસાવવામાં આવેલ આવી **પ્રથમ** સેનેટાઈઝિંગ ચેમ્બરને **નવી દિલ્હી** ખાતે મૂકવામાં આવી છે.
- જેમાં **સૌપ્રથમ** **નવી દિલ્હી**ના **પાર્લિયામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશન**માં આ ચેમ્બરનો ઉપયોગ કરવામાં આવી રહયો છે.

**નોંધ :** **DRDOનું પૂરું નામ Defence Research and Development Organisation (સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન)** છે.

## ICE ? Questions

1. 'વૈશ્વિક પવન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 13 જૂન (B) 14 જૂન (C) 15 જૂન (D) 16 જૂન **(C)**

2. તાજેતરમાં કયા સપ્તાહમાં ભારતમાં 'વિદેશી મુદ્રા ભંડાર' પ્રથમ વખત 500 અબજ ડોલરને પાર થઈ ગયો હતો ?
(A) મે મહિનાના અંતિમ સપ્તાહમાં (B) જૂન મહિનાના પ્રથમ સપ્તાહમાં
(C) જૂન મહિનાના બીજા સપ્તાહમાં (D) જૂન મહિનાના ત્રીજા સપ્તાહમાં **(B)**

3. જૂન મહિનાના પ્રથમ સપ્તાહમાં ભારતમાં 'વિદેશી મુદ્રા ભંડાર' વધીને કેટલા અબજ ડોલર અથવા તો કેટલા બિલિયન ડોલર થઈ ગયો હતો ?
(A) 501.70 (B) 502.70 (C) 503.70 (D) 504.70 **(A)**

4. જૂન મહિનાના પ્રથમ સપ્તાહમાં ભારતનો 'વિદેશી મુદ્રા ભંડાર' વધીને પ્રથમ વખત 500 અબજ ડોલરને પાર થઈ ગયો હતો.... ભારતમાં 'વિદેશી મુદ્રા ભંડાર'માં થયેલી વૃદ્ધિનું મુખ્ય કારણ શું હતું ?
(A) Foreign Currencyના મૂલ્યમાં ઘટાડો
(B) Foreign Currency Assetsમાં થયેલી વૃદ્ધિ
(C) Foreign Currency Assetsમાં થયેલો ઘટાડો
(D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

5. COVID-19ની દેખરેખ માટે ભારતીય રેલવેના કયા ઝોન દ્વારા એક રોબોટ વિકસાવવામાં આવ્યો છે ?
(A) વેસ્ટર્ન રેલવે ઝોન (B) ઈસ્ટર્ન રેલવે ઝોન
(C) સેન્ટ્રલ રેલવે ઝોન (D) નોર્થ રેલવે ઝોન **(C)**

6. COVID-19ની દેખરેખ માટે ભારતીય રેલવેના સેન્ટ્રલ ઝોન દ્વારા કયો રોબોટ વિકસાવવામાં આવ્યો છે ?
(A) કેપ્ટન અભિમન્યુ (B) કેપ્ટન ભીમ
(C) કેપ્ટન ભિષ્મ (D) કેપ્ટન અર્જુન **(D)**

7. COVID-19ની દેખરેખ તથા સ્ક્રીનિંગ માટે ભારતના કયા શહેરના રેલવે સ્ટેશન પર 'કેપ્ટન અર્જુન' નામનો એક રોબોટ મૂકવામાં આવ્યો છે ?
(A) ઈન્દોર (B) થાણે (C) પૂણે (D) મૈસૂર **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. પૂણેના સુરક્ષા દળ દ્વારા લોન્ચ કરવામાં આવેલા રોબોટ 'કેપ્ટન અર્જુન'માં 'અર્જુન'નું પૂરું નામ શું છે ?
(A) Always be Responsible and Just Use to be Nice
(B) Always be Responsible and Just Use to be Nature
(C) Always be Responsible and Just Use to be Natural
(D) Always be Responsible and Just Use to be New
**(A)**

9. ભારતમાં સુરક્ષા દળોના યુનિફોર્મને કીટાણુ મુકત બનાવવા માટે કઈ સંસ્થા દ્વારા એક સેનેટાઈઝિંગ ચેમ્બર વિકસાવવામાં આવી છે ?
(A) IIT ખડગપુર (B) ICMR
(C) ISRO (D) DRDO
**(D)**

10. ભારતમાં સુરક્ષા દળોના યુનિફોર્મને કીટાણુ મુકત બનાવવા માટે DRDO દ્વારા વિકસાવવામાં આવેલી સેનેટાઈઝિંગ ચેમ્બરને શું નામ આપવામાં આવ્યું છે ?
(A) ઓલકલીન (B) સેઈફકલીન
(C) જર્મીકલીન (D) વેલકલીન
**(C)**

11. સુરક્ષા દળોના યુનિફોર્મને કીટાણુ મુકત બનાવવા માટે ભારતમાં સૌપ્રથમ કયા શહેરમાં જર્મીકલીન નામની સેનેટાઈઝિંગ ચેમ્બર મૂકવામાં આવી છે ?
(A) મુંબઈ (B) પૂણે (C) દિલ્હી (D) બેંગાલુરુ
**(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**16 JUNE, 2020 TUESDAY**

## ➤ ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા ભારતના પ્રથમ ગેસ ટ્રેડિંગ પ્લેટફોર્મ 'ભારતીય ગેસ એકસચેન્જ' (Indian Gas Exchange-IGEX)નો પ્રારંભ

15 જૂન 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 'ભારતીય ગેસ એકસચેન્જ' (Indian Gas Exchange - IGEX)નો શુભારંભ કરવામાં આવ્યો છે.

- ભારતમાં કેન્દ્ર સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ તથા સ્ટીલ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને નવી દિલ્હી ખાતેથી એક ઈ–સમારોહમાં આ 'ઈન્ડિયન ગેસ એકસચેન્જ'નો શુભારંભ કરાવ્યો હતો.
- આ સાથે જ ભારતમાં કુદરતી ગેસના ઓનલાઈન ટ્રેડિંગનો પ્રારંભ થઈ ગયો છે.

## આ એકસચેન્જની વિશેષતા

'ઈન્ડિયન ગેસ એક્સચેન્જ' (IGEX) એ ભારતમાં <u>કુદરતી ગેસ</u>ના <u>ઓનલાઈન વેચાણ</u> માટેનું <u>ભારતનું પ્રથમ રાષ્ટ્રવ્યાપી ગેસ ટ્રેડિંગ પ્લેટફોર્મ</u> છે.

- આ એકસચેન્જના પ્રારંભથી ભારતના ઊર્જા ક્ષેત્રના ઈતિહાસમાં નવા અધ્યાયનો પ્રારંભ થશે.
- આ એકસચેન્જને કારણે ભારતમાં હવે કુદરતી ગેસની કિંમતમાં પારદર્શકતા આવશે. અને તેની કિંમત હવે ખુલ્લા બજારમાં નક્કી થશે.
- આ એકસચેન્જની સ્થાપનાની સાથે જ ભારતનો સમાવેશ ગેસ ટ્રેડિંગ એકસચેન્જ ધરાવતા વિશ્વના પ્રગતિશિલ દેશોની કલબમાં થઈ ગયો છે.
- ભારતમાં IGEXએ <u>Indian Energy Exchange (IEX)</u>ની સંપૂર્ણ માલિકીમાં તેની પેટા કંપની તરીકે કાર્ય કરશે.
- આ એકસચેન્જમાં કુદરતી ગેસનો વ્યાપાર <u>રૂપિયામાં</u> થશે.

**નોંધ :** (1) આ ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી ખરીદનાર–વેચાણકર્તા અધિકૃત કેન્દ્રો દ્વારા Spot Market અને Forward Marketમાં આયાતી કુદરતી ગેસનો વેપાર કરી શકશે.

(2) આ માટે હાલ <u>ત્રણ કેન્દ્રોની</u> પસંદગી કરવામાં આવી છે. જેમાં <u>ગુજરાત</u>ના <u>દહેજ અને હજીરા</u> ઉપરાંત <u>આંધ્રપ્રદેશ</u>ના <u>ઓડુરુ-કાકિનાડા</u>નો સમાવેશ થાય છે.

## ➤ SIPRI Year Book 2020 અનુસાર ભારતમાં 150 પરમાણુ શસ્ત્ર હોવાની સંભાવના

તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ <u>SIPRI Year Book 2020</u> અનુસાર વર્ષ 2020માં <u>વિશ્વના 9 દેશો</u> પરમાણુ શસ્ત્ર ધરાવે છે.

- પરમાણુ શસ્ત્ર ધરાવતા વિશ્વના આ 9 દેશોમાં <u>અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ, ચીન, ભારત, પાકિસ્તાન, ઈઝરાયેલ અને ઉત્તર કરિયા</u>નો સમાવેશ થાય છે.
- આ 9 દેશોમાંથી વર્ષ <u>2020</u>માં <u>રશિયા</u> પાસે સૌથી વધુ <u>6375</u> પરમાણુ શસ્ત્રો છે.
- રશિયા બાદ <u>બીજા</u> ક્રમે <u>અમેરિકા</u> પાસે <u>5800</u> પરમાણુ શસ્ત્રો છે.
- જ્યારે <u>ભારત</u> પાસે વર્ષ <u>2020</u>માં <u>150</u> પરમાણુ શસ્ત્રો છે.

## SIPRI અનુસાર વર્ષ 2019 અને 2020માં વિશ્વના વિવિધ દેશો પાસે પરમાણુ શસ્ત્રોની સંખ્યા

| ક્રમ | દેશ | વર્ષ 2019માં પરમાણુ શસ્ત્રોની સંખ્યા | વર્ષ 2020માં પરમાણુ શસ્ત્રોની સંખ્યા |
|---|---|---|---|
| 1 | રશિયા | 6500 | 6375 |
| 2 | અમેરિકા | 6185 | 5800 |
| 3 | ચીન | 290 | 320 |
| 4 | ફ્રાન્સ | 300 | 290 |
| 5 | બ્રિટન | 200 | 215 |
| 6 | પાકિસ્તાન | 150-160 | 160 |
| 7 | ભારત | 130-140 | 150 |
| 8 | ઈઝરાયેલ | 80-90 | 90 |
| 9 | ઉત્તર કોરિયા | (20-30) | (30-40) |
| | કુલ | 13865 | 13400 |

**નોંધ :** **ઉત્તર કોરિયા** પાસે હાલ કેટલા પરમાણુ શસ્ત્રો ઉપલબ્ધ છે તે કહેવું અત્યંત મુશ્કેલ છે. આથી, વિશ્વના કુલ પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં તેની ગણતરી કરવામાં આવી નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### રિપોર્ટનું એનાલિસિસ

આ રિપોર્ટ અનુસાર વર્ષ 2019ની તુલનાએ વર્ષ 2020માં વિશ્વના કુલ પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં **ઘટાડો** થયો છે. જે 13865થી ઘટીને 13400 થઈ ગયા છે.

- વર્ષ 2019ની તુલનાએ વર્ષ 2020માં **અમેરિકા, રશિયા અને ફ્રાન્સ**ના પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં **ઘટાડો** થયો છે.
- જ્યારે વર્ષ 2019ની તુલનાએ વર્ષ 2020માં **ચીન, બ્રિટન, પાકિસ્તાન, ભારત, ઈઝરાયેલ અને ઉત્તર કોરિયા**ના પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં **વધારો** થયો છે.
- આ રિપોર્ટ અનુસાર માત્ર **અમેરિકા અને રશિયા** પાસે જ વિશ્વના કુલ પરમાણુ શસ્ત્રોમાંથી **90 ટકાથી વધુ** પરમાણુ શસ્ત્રો છે.
- આ રિપોર્ટ અનુસાર **ભારત** કરતા **ચીન અને પાકિસ્તાન** પાસે પરમાણુ શસ્ત્રોની સંખ્યા **વધારે** છે.

**નોંધ :** (1) વર્ષ 2019ની તુલનાએ વર્ષ 2020માં પરમાણુ શાસ્ત્રોમાં થયેલા ઘટાડાનું મુખ્ય કારણ **અમેરિકા અને રશિયા** વચ્ચે થયેલી **New START સંધિ** છે.

(2) અમેરિકા અને રશિયા દ્વારા આ સંધિ અંતર્ગત જૂના પરમાણુ શસ્ત્રોનું વિઘટન કરવામાં આવી રહ્યું છે. આથી, તેમના પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે.

(3) **SIPRI**નું પૂરું નામ **Stockholm International Peace Research Institute** છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ ભારતના રાજ્યોમાં રમતગમતની સુવિધાઓને મજબૂત બનાવવા ભારતમાં 'Khelo India State Centres of Excellenceની સ્થાપના કરવામાં આવશે

ભારતમાં કેન્દ્ર સરકારના **રમતગમત મંત્રાલય** દ્વારા **'ખેલો ઈન્ડિયા કાર્યક્રમ'** અંતર્ગત ભારતમાં **'Khelo India State Centres of Excellence'**ની સ્થાપના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

Khelo India State Centre of Excellence (KISCE)

- આ સેન્ટરની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં રમતગમતના પ્રોત્સાહન માટે આંતરરાષ્ટ્રીય કક્ષાની એક મજબૂત વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાનો છે.
- આ અંતર્ગત ભારતમાં રમતગમતની સુવિધાઓને મજબૂત બનાવવા ભારતના **તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો**માં આ પ્રકારના **એક સેન્ટર**ની પસંદગી કરીને તેને વિકસાવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### પ્રથમ ચરણમાં 8 રાજ્યોની પસંદગી

આ પહેલના **પ્રથમ ચરણ**માં ભારતના **8 રાજ્યો**ની પસંદગી કરવામાં આવી છે.

- આ **આઠ રાજ્યો**માં **કર્ણાટક, કેરળ, તેલંગાણા, ઓડિશા, અરૂણાચલ પ્રદેશ, મણિપુર, મિઝોરમ અને નાગાલેન્ડ**નો સમાવેશ થાય છે.
- આ રાજ્યોમાં **સરકારી સમિતિ** દ્વારા સરકારી માલિકીના એવા સુવિધા કેન્દ્રોની ઓળખ કરવામાં આવી છે કે જેને **'ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ'** તરીકે વિકસાવવામાં આવશે.
- આ સેન્ટરની ક્ષમતા વધારીને તેને વિશ્વ સ્તરના રમતગમત સુવિધા કેન્દ્રમાં બદલવામાં આવશે.
- રાજ્યના પ્રતિભાશાળી ખેલાડીઓની પસંદગી કરીને આ સેન્ટરમાં તેમને ઓલિમ્પિક મેડલ મેળવવા માટે તૈયાર કરવામાં આવશે.

**નોંધ :** આ સેન્ટરનું સંચાલન **જે તે રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત** પ્રદેશ દ્વારા કરવામાં આવશે.

ICE Questions

1. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 15 જૂન 2020ના રોજ ભારતના પ્રથમ ગેસ ટ્રેડિંગ પ્લેટફોર્મનો પ્રારંભ કરવામાં આવ્યો છે.... ભારતના આ પ્રથમ ગેસ ટ્રેડિંગ પ્લેટફોર્મનું નામ શું છે ?
   (A) India Gas Exchange (IGEX)
   (B) Indian Gas Exchange (IGEX)
   (C) Hindustan Gas Exchange (HGEX)
   (D) International Gas Exchange (IGEX) **(B)**

2. 15 જૂન 2020ના રોજ નવી દિલ્હી ખાતેથી એક ઈ–સમારોહમાં કોના દ્વારા ભારતનું પ્રથમ ગેસ ટ્રેડિંગ પ્લેટફોર્મ 'Indian Gas Exchange' (IGEX) લોન્ચ કરવામાં આવ્યું છે ?
   (A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રામનાથ કોવિંદ
   (C) સુશ્રી નિર્મલા સિતારામન (D) શ્રી ધર્મેન્દ્ર પ્રધાન **(D)**

3. ભારતમાં કઈ સંસ્થાની સંપૂર્ણ માલિકી હેઠળ ભારતના પ્રથમ ગેસ ટ્રેડિંગ પ્લેટફોર્મ IGEXનો પ્રારંભ કરવામાં આવ્યો છે ?
   (A) National Energy Exchange (NEX)
   (B) Indian Energy Exchange (IEX)
   (C) International Energy Exchange (IEX)
   (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

4. ભારતના પ્રથમ ગેસ ટ્રેડિંગ પ્લેટફોર્મ ‘ભારતીય ગેસ એકસચેન્જ માટે હાલ ત્રણ કેન્દ્રોની પસંદગી કરવામાં આવી છે... આ ત્રણ કેન્દ્રોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
   (A) દહેજ (B) ધોલેરા (C) હજીરા (D) ઓડુરુ–કાકિનાડા **(B)**

5. SIPRI Year Book 2020 અનુસાર વર્ષ 2020માં સૌથી વધુ પરમાણુ શસ્ત્રો કયા દેશ પાસે છે ?
   (A) અમેરિકા (B) રશિયા (C) ચીન (D) ફ્રાન્સ **(B)**

6. SIPRI Year Book 2020 અનુસાર સમગ્ર વિશ્વમાં કુલ કેટલા દેશો પરમાણુ શસ્ત્રો ધરાવે છે ?
   (A) 7 (B) 9 (C) 10 (D) 11 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. SIPRI Year Book 2020 અનુસાર પરમાણુ શસ્ત્રો ધરાવતા વિશ્વના કુલ 9 દેશોમાં નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થતો નથી ?
(A) ઓસ્ટ્રેલિયા (B) ઈઝરાયેલ (C) બ્રિટન (D) ઉત્તર કોરિયા **(A)**

8. SIPRI Year Book 2020 અંતર્ગત પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. વર્ષ 2019ની તુલનાએ વર્ષ 2020માં વિશ્વમાં પરમાણુ શસ્ત્રોની કુલ સંખ્યામાં ઘટાડો થયો છે.
2. વર્ષ 2019ની તુલનાએ વર્ષ 2020માં અમેરિકા, રશિયા અને ફ્રાન્સના પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં ઘટાડો થયો છે.
3. વર્ષ 2019ની તુલનાએ વર્ષ 2020માં ભારતમાં પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં વધારો થયો છે.
4. ભારત કરતા પાકિસ્તાન તથા ચીન પાસે વધારે પરમાણુ શસ્ત્રો છે.

Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 3, 4 **(A)**

9. ભારતના રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રમતગમતની સુવિધાઓને મજબૂત બનાવવા માટે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કયા સેન્ટરની સ્થાપના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ?
(A) ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ
(B) ખેલો ઈન્ડિયા નેશનલ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ
(C) ખેલો ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ
(D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

10. ભારતમાં કયા કાર્યક્રમ અંતર્ગત ભારતના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં એક–એક ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ'ની સ્થાપના કરવામાં આવશે ?
(A) ખેલો ઈન્ડિયા (B) સ્પોર્ટ્સ ઈન્ડિયા
(C) ઈન્ડિયન સ્પોર્ટ્સ (D) યંગ ઈન્ડિયા **(A)**

11. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ ચરણમાં ભારતના કેટલા રાજ્યોમાં 'ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ'ની પસંદગી કરવામાં આવી છે ?
(A) 6 (B) 8 (C) 9 (D) 10 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**17 JUNE, 2020 WEDNESDAY**

## ➤ દિવસ મહિમા : 17 જૂન, (1) વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ (World Day to Combat Desertification and Drought)
## (2) વિશ્વ મગર દિવસ (World Crocodile Day)

### વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 17 જૂનના રોજ 'વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ' ઉજવાય છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટે થઈ રહેલા આંતરરાષ્ટ્રીય પ્રયાસો અંગે જાગૃતિ ફેલાવવાનો છે.
- આ દિવસની ઉજવણીનો પ્રારંભ 1995થી થયો હતો.
- વર્ષ 2020ની 'વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેના દિવસ'ની થીમ 'Food. Feed. Fibre. - the links between Consumption and land છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતના દિલ્હીમાં બનશે વિશ્વનું સૌથી મોટું COVID-19 ફેસિલિટી સેન્ટર

ભારતમાં દિલ્હી સરકારે વિશ્વનું સૌથી મોટું COVID-19 ફેસિલિટી સેન્ટર વિકસાવવાનો નિર્ણય કર્યો છે.

- આ અંતર્ગત દક્ષિણ દિલ્હીમાં આવેલા રાધા સ્વામી સ્પિરિચ્યુઅલ સેન્ટરને 10,000 બેડવાળા વિશ્વના સૌથી મોટા અસ્થાયી COVID-19 ફેસિલિટી સેન્ટર તરીકે વિકસાવવામાં આવશે.
- આ સેન્ટરમાં બે શિફ્ટમાં 400 ડોક્ટરો કાર્ય કરશે અને તેમાં આશરે 800 જેટલા સહાયક કર્મચારીઓની પણ વ્યવસ્થા કરવામાં આવશે.
- આ સેન્ટરમાં બેડ બનાવવા માટે Cardboardનો ઉપયોગ થશે.
- કેમ કે કાર્ડબોર્ડ પર કોરોના વાઈરસ 24 કલાકથી વધુ સમય જીવીત રહી શકતો નથી.
- જ્યારે અન્ય ધાતુ પ્લાસ્ટિક કે લાકડા પર આ વાઈરસ પાંચ દિવસ સુધી જીવતો રહી શકે છે.

**નોંધ :** ભારતની રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કોરોના વાઈરસના સંક્રમણમાં ખૂબ જ ઝડપથી વૃદ્ધિ થઈ રહી છે. આથી, આ સંજોગોમાં લોકોને યોગ્ય સારવાર મળી રહે તે માટે દિલ્હી સરકારે આ નિર્ણય કર્યો છે.

## ICE ? Questions

1. 'વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેના દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

   (A) 15 જૂન (B) 16 જૂન (C) 17 જૂન (D) 18 જૂન — **(C)**

2. વર્ષ 2020ની 'વિશ્વ રણીકરણ અને દુકાળનો સમનો કરવા માટેના દિવસ'ની થીમ શું છે ?

   (A) Food Feed Fibre (B) Feed Food Fibre
   (C) Food Fibre Feed (D) Feed Fibre Food — **(A)**

3. 'વિશ્વ મગર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

   (A) 15 જૂન (B) 16 જૂન (C) 17 જૂન (D) 18 જૂન — **(C)**

4. ભારતના કયા શહેરમાં વિશ્વનું સૌથી મોટું અસ્થાઈ COVID-19 ફેસિલિટી સેન્ટર બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ?

   (A) દિલ્હી (B) મુંબઈ (C) અમદાવાદ (D) બેંગાલુરુ — **(A)**

5. ભારતમાં નવી દિલ્હી ખાતે આવેલા કયા સેન્ટરમાં વિશ્વનું સૌથી મોટું અસ્થાઈ COVID-19 ફેસિલિટી સેન્ટર વિકસાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ?

   (A) રાધા રમણ સ્પિરિચ્યુઅલ સેન્ટર (B) રાધા મોહન સ્પિરિચ્યુઅલ સેન્ટર
   (C) રાધા સ્વામી સ્પિરિચ્યુઅલ સેન્ટર (D) રાધા કૃષ્ણ સ્પિરિચ્યુઅલ સેન્ટર — **(C)**

6. ભારતમાં નવી દિલ્હી ખાતે આવેલા રાધા સ્વામી આધ્યાત્મિક કેન્દ્રમાં કેટલા બેડની સુવિધાવાળું વિશ્વનું સૌથી મોટું અસ્થાઈ COVID-19 ફેસિલિટી સેન્ટર વિકસાવવામાં આવશે ?

   (A) 5000 (B) 8000 (C) 10,000 (D) 15,000 — **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**18 JUNE, 2020 THURSDAY**

## ➤ સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદના અસ્થાઈ સભ્ય તરીકે ભારત 8મી વખત ચૂંટાયું

17 જૂન 2020ના રોજ ભારત **સંયુકત રાષ્ટ્રની સુરક્ષા પરિષદ (United Nations Security Council-UNSC)**ના **અસ્થાઇ સભ્ય** તરીકે ચૂંટાઈ આવ્યું છે.

- આ માટે 17 જૂન 2020ના રોજ યોજાયેલી આ ચૂંટણીમાં **ભારત** ઉપરાંત અન્ય **ચાર દેશો** પણ સંયુકત રાષ્ટ્રની સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે.
- આ ચાર દેશોમાં **કેન્યા, આયર્લેન્ડ, મેક્સિકો અને નોર્વે**નો સમાવેશ થાય છે.

### ભારત બિનહરિફ ચૂંટાયુ

17 જૂન 2020ના રોજ યોજાયેલી સંયુકત રાષ્ટ્રની સુરક્ષા પરિષદના અસ્થાઈ સભ્યોની ચૂંટણીમાં ભારત **એશિયા-પ્રશાંત (Asia-Pacific) ક્ષેત્ર**ની સીટ માટે ચૂંટણી લડી રહયું હતું.

- અને **એશિયા-પ્રશાંત ક્ષેત્ર**ની સીટ માટે **ભારત એકમાત્ર ઉમેદવાર** હતું.
- આથી, આ ચૂંટણીમાં તે **બિનહરિફ** ચૂંટાઈ આવ્યું છે.
- આ અગાઉ **જૂન 2019**માં **એશિયા-પ્રશાંત ગ્રૂપના 55 દેશો** દ્વારા સર્વસંમતિથી આ ક્ષેત્રના ઉમેદવાર તરીકે **ભારત**ની પસંદગી કરવામાં આવી હતી.
- આ ગ્રૂપના 55 સભ્યોમાં **પાકિસ્તાન અને ચીન**નો પણ સમાવેશ થાય છે.
- આ અંતર્ગત પાકિસ્તાન અને ચીને પણ ભારતની ઉમેદવારીને સમર્થન આપ્યું હતું.

**નોંધ :** (1) એશિયા–પેસિફિક ક્ષેત્રમાંથી સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના નવા અસ્થાઈ સભ્ય તરીકે ભારત **ઈન્ડોનેશિયા**નું સ્થાન લેશે.

(2) સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અસ્થાઈ સભ્ય તરીકે **ઈન્ડોનેશિયા**નો કાર્યકાળ 31 ડિસેમ્બર, 2020ના રોજ પૂરો થઈ રહયો છે.

### ભારત કેટલા મતથી ચૂંટાયુ ?

એ ખરું કે સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અસ્થાઈ સભ્યોની ચૂંટણીમાં એશિયા–પ્રશાંત ક્ષેત્રમાંથી ભારત એકમાત્ર ઉમેદવાર હતું.

- આમ છતાં, સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અસ્થાઈ સભ્ય બનવા માટે કોઈપણ દેશને **સંયુકત રાષ્ટ્રની મહાસભામાં હાજર અને મતદાન કરનાર સભ્ય દેશોના બે તૃતીયાંશ મતો** મળવા જરૂરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આથી, સંયુકત રાષ્ટ્રના કુલ 193 સભ્યોના બે તૃતીયાંશ એટલે કે 128 મતો મળવા જરૂરી છે.
- જોકે, આ ચૂંટણીમાં કુલ 192 મતોમાંથી ભારતને 184 મત મળ્યા હતા. એટલે કે 184 વિરુદ્ધ 8 મતોથી ભારત ચૂંટાઈ આવ્યું હતું.

## ભારતનો કાર્યકાળ

સંયુકત રાષ્ટ્રની સુરક્ષા પરિષદના અસ્થાઈ સભ્ય તરીકે ભારત 2 વર્ષ માટે ચૂંટાઈ આવ્યું છે.

- આ અંતર્ગત ભારતના કાર્યકાળનો પ્રારંભ 1 જાન્યુઆરી 2021થી થશે.
- ભારત વર્ષ 2021 અને વર્ષ 2022 માટે સંયુકત રાષ્ટ્રની સુરક્ષા પરિષદનું અસ્થાઈ સભ્ય બન્યું છે.
- આથી, તે 1 જાન્યુઆરી 2021થી 31 ડિસેમ્બર 2022 સુધી સંયુકત રાષ્ટ્રની સુરક્ષા પરિષદનું અસ્થાઈ સભ્ય રહેશે.

## ભારત 8મી વખત સભ્ય

તાજેતરમાં ભારત સંયુકત રાષ્ટ્રની સુરક્ષા પરિષદનું 8મી વખત અસ્થાઈ સભ્ય બન્યું છે.

- આ અગાઉ ભારત વર્ષ 2011 અને 2012 દરમિયાન બે વર્ષ માટે સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું અસ્થાઈ સભ્ય હતું.
- જ્યારે ભારત સૌપ્રથમ વખત 1950 અને 1951ના કાર્યકાળ માટે સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું અસ્થાઈ સભ્ય રહયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**UNSCનું ભારત સભ્ય**

| ક્રમ | બે વર્ષનો કાર્યકાળ |
|---|---|
| 1 | 1950-1951 |
| 2 | 1967-1968 |
| 3 | 1972-1973 |
| 4 | 1977-1978 |
| 5 | 1984-1985 |
| 6 | 1991-1992 |
| 7 | 2011-2012 |
| 8 | 2021-2022 |

## United Nationsની Security Council શું છે ?

યુનાઈટેડ નેશન્સની Security Council (સુરક્ષા પરિષદ) એ **યુનાઈટેડ નેશન્સના મુખ્ય છ અંગોમાંનું એક અંગ** છે.

**સંયુક્ત રાષ્ટ્રના મુખ્ય છ અંગો**

- (1) સુરક્ષા પરિષદ
- (2) આંતરરાષ્ટ્રીય ન્યાયાલય
- (3) સામાન્યસભા
- (4) સચિવાલય
- (5) આર્થિક અને સામાજિક પરિષદ
- (6) ટ્રસ્ટીશીપ કાઉન્સિલ

સંયુક્ત રાષ્ટ્રના આ મુખ્ય છ અંગોમાંથી **સુરક્ષા પરિષદ(Security Council)**નું મુખ્ય કાર્ય **આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવાનું** છે.

- આ માટે સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદ પ્રસ્તાવો દ્વારા નીચેના નિર્ણયો લઈ શકે છે :

  (1) આંતરરાષ્ટ્રીય શાંતિ જાળવવા માટેની કાર્યવાહી કરવી.

  (2) આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો મૂકવા.

  (3) લશ્કરી કાર્યવાહી કરવી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુરક્ષા પરિષદ (Security Council)ના સભ્યો

સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં **5 કાયમી** અને **10 અલ્પકાલિક** સભ્યો મળીને કુલ **15 સભ્ય** હોય છે.

- જેમાં પાંચ કાયમી સભ્યોમાં **ચીન, ફ્રાન્સ, રશિયા, બ્રિટન અને અમેરિકા**નો સમાવેશ થાય છે.
- જ્યારે બાકીના 10 સભ્યોની મુદત **2 વર્ષ** માટેની હોય છે. આ દસ સભ્યોને ક્ષેત્રીય આધારે સંયુક્ત રાષ્ટ્રની **સામાન્ય સભા** દ્વારા ચૂંટવામાં આવે છે.
- આ 10 સભ્યોમાંથી **દર વર્ષે 5 સભ્યો**ની ચૂંટણી થાય છે.
- સુરક્ષા પરિષદના **અધ્યક્ષ દર મહિને** મૂળાક્ષર પ્રમાણે **બદલાય છે**. સુરક્ષા પરિષદના કોઈપણ સભ્ય તેના અધ્યક્ષ બની શકે છે.

**નોંધ :** (1) સંયુક્ત રાષ્ટ્રના 6 અંગોમાંથી સંયુક્ત રાષ્ટ્રના તમામ સભ્ય દેશો સંયુક્ત રાષ્ટ્રની **સુરક્ષા પરિષદ** દ્વારા લેવામાં આવેલા નિર્ણયોનું પાલન કરવા માટે બંધાયેલા હોય છે.

(2) જ્યારે તેઓ સંયુક્ત રાષ્ટ્રના બાકીના અંગો દ્વારા કરવામાં આવેલી ભલામણોનો અસ્વીકાર પણ કરી શકે છે.

## ➤ 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં 41 કોલસા ખાણોની કોમર્શિયલ હરાજી પ્રક્રિયાનો પ્રારંભ

18 જૂન 2020ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ ભારતમાં **ખાનગી ક્ષેત્ર** માટે **41 કોલસા બ્લોક્સ**ની હરાજીની પ્રક્રિયાનો વીડિયો કોન્ફરન્સની મદદથી પ્રારંભ કરાવ્યો છે.

- ભારતમાં **'આત્મનિર્ભર ભારત અભિયાન'** અંતર્ગત આ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- ભારતમાં કેન્દ્ર સરકારના **કોલસા મંત્રાલય** દ્વારા **FICCI**ના સહયોગથી આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.
- ભારતમાં વ્યાપારી ધોરણે ખાણકામ માટે કોલસાની ખાણોની ફાળવણી માટે **બે તબક્કાની ઈલેક્ટ્રોનિક હરાજી પ્રક્રિયા** અપનાવવામાં આવી રહી છે.
- ભારતમાં વ્યાપારી ધોરણે કોલસાના ખાણકામનો પ્રારંભ થવાથી ભારતમાં ઉર્જાની જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદ થશે અને આ ક્ષેત્રે આત્મનિર્ભરતા મેળવી શકાશે તેમજ ભારતમાં ઔદ્યોગિક વિકાસને પણ વેગ મળશે.
- આ 41 ખાણોમાં **22.5 કરોડ ટન** કોલસાનું ઉત્પાદન કરવાની ક્ષમતા છે.
- જેનાથી વર્ષ **2025-26** સુધીમાં આ ખાણોથી ભારતના કુલ કોલસા ઉત્પાદનમાં **15 ટકા**નો વધારો થશે.

**નોંધ :** (1) ભારતમાં **કોલસા**ના વિશ્વના **ચોથા નંબર**ના સૌથી મોટા **ભંડારો** આવેલા છે. અને ભારત વિશ્વનો **બીજા નંબર**નો સૌથી મોટો કોલસાનો **ઉત્પાદક** દેશ છે. આમ છતાં ભારત કોલસાની **આયાત કરનારો** વિશ્વનો **બીજા નંબર**નો સૌથી મોટો દેશ છે.

(2) ભારતમાં કેન્દ્ર સરકારે વર્ષ **2030** સુધીમાં **100 મિલિયન ટન** કોલસાનું **ગેસમાં રૂપાંતરણ** કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

(3) **FICCI**નું પૂરું નામ **Federation of Indian Chambers of Commerce and Industry** છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. 17 જૂન 2020ના રોજ ભારત સંયુકત રાષ્ટ્રના કયા અંગના અસ્થાઈ સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યું છે ?

(A) સામાન્ય સભા (B) આંતરરાષ્ટ્રીય ન્યાયાલય

(C) આર્થિક અને સામાજિક પરિષદ (D) સુરક્ષા પરિષદ **(D)**

2. 17 જૂન 2020ના રોજ ભારત ઉપરાંત અન્ય કયા ચાર દેશો સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અસ્થાઈ સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે ?

(A) કેનેડા, આયર્લેન્ડ, મેકિસકો, નોર્વે (B) કેન્યા, આયર્લેન્ડ, મેકિસકો, નોર્વે

(C) કેન્યા, આયર્લેન્ડ, મેકિસકો, ફિનલેન્ડ (D) કેનેડા, આયર્લેન્ડ, મેકિસકો, ફિનલેન્ડ **(B)**

3. 17 જૂન 2020ના રોજ ભારત સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અસ્થાઈ સભ્ય તરીકે કયા ક્ષેત્રના ઉમેદવાર તરીકે ચૂંટાઈ આવ્યું છે ?

(A) એશિયા (B) દક્ષિણ એશિયા

(C) એશિયા–દક્ષિણ પશ્ચિમ (D) એશિયા–પ્રશાંત **(D)**

4. 17 જૂન 2020ના રોજ ભારત સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અસ્થાઈ સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યું છે..... આ સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

   1. એશિયા–પ્રશાંત ક્ષેત્રના ઉમેદવાર તરીકે ભારત બિનહરિફ ચૂંટાઈ આવ્યું છે.
   2. આ માટે યોજાયેલી ચૂંટણીમાં ભારતને 192માંથી 184 મતો મળ્યા હતા. એટલે કે 184 વિરુદ્ધ 8 મતોથી ભારત ચૂંટાઈ આવ્યું છે.

Ans. (A) 1 અને 2 (B) ફકત 1

(C) ફકત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

5. સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અસ્થાઈ સભ્ય તરીકે ભારત કેટલા વર્ષ માટે ચૂંટાઈ આવ્યું છે ?

(A) 1 (B) 2 (C) 3 (D) 5 **(B)**

6. સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અસ્થાઈ સભ્ય તરીકે ભારત કયા વર્ષ માટે ચૂંટાઈ આવ્યું છે ?

(A) 2020-2021 (B) 2021-2022 (C) 2022-2023 (D) 2023-2024 **(B)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. તાજેતરમાં ભારત સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અસ્થાઈ સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યું છે.... આ સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. ભારત સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અસ્થાઈ સભ્ય તરીકે 8મી વખત ચૂંટાઈ આવ્યું છે.
2. ભારત સૌપ્રથમ વખત 1950-51માં સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું અસ્થાઈ સભ્ય બન્યું હતું.
3. ભારત આ અગાઉ છેલ્લે 2013-14માં સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું અસ્થાઈ સભ્ય રહયું હતું.

Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) 2, 3 **(B)**

8. સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સભ્યોના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. તેમાં 5 કાયમી અને 10 અસ્થાઈ સભ્યો મળીને કુલ 15 સભ્ય હોય છે.
2. તેના 10 અસ્થાઈ સભ્યોની મુદત 2 વર્ષની હોય છે.
3. તેના 10 અસ્થાઈ સભ્યોમાંથી દર વર્ષે 5 સભ્યોની ચૂંટણી થાય છે.

Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) 2, 3 **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. 18 જૂન 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં કઈ ખાણોની વ્યાપારી હરાજી પ્રક્રિયાનો પ્રારંભ કરાવ્યો છે ?

(A) બોકસાઈટ (B) લોખંડ (C) કોલસા (D) એલ્યુમિનિયમ **(C)**

10. 18 જૂન 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં કેટલી કોલસા ખાણોની વ્યાપારી હરાજી પ્રક્રિયાનો પ્રારંભ કરાવ્યો છે ?

(A) 40 (B) 41 (C) 42 (D) 43 **(B)**

11. ભારતમાં કેન્દ્ર સરકારના કોલસા મંત્રાલય દ્વારા કઈ સંસ્થાના સહયોગથી કોલસાની 41 ખાણોની કોમર્શિયલ હરાજી પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે ?

(A) ICMR (B) FSSAI
(C) IFCO (D) FICCI **(D)**

12. કોલસાને આધારે ભારતની વૈશ્વિક સ્થિતિના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. ભારતમાં કોલસાના વિશ્વના બીજા નંબરના સૌથી મોટા ભંડારો આવેલા છે.
2. ભારત કોલસાનો વિશ્વનો બીજા નંબરનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે.
3. ભારત કોલસાની આયાત કરનારો વિશ્વનો બીજા નંબરનો સૌથી મોટો દેશ છે.

Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(C)**

13. ભારતમાં કેન્દ્ર સરકારે વર્ષ 2030 સુધીમાં કેટલા મિલિયન ટન કોલસાનું ગેસમાં રૂપાંતરણ કરવાનું લક્ષ્ય રાખ્યું છે ?

(A) 50 (B) 100 (C) 200 (D) 500 **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




**19 JUNE, 2020 FRIDAY**

## ➤ દિવસ મહિમા : 19 જૂન, વિશ્વ સિકલ સેલ દિવસ (World Sickle Cell Day)

<u>સિકલ સેલ</u> નામના રોગ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે <u>19 જૂન</u>ના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા વર્ષ <u>2008</u>માં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ <u>2009</u>થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- સિકલ સેલ રોગ એ <u>લાલ રક્ત કોશિકાઓ</u> સાથે સંકળાયેલી એક <u>વારસાગત</u> બિમારી છે.

## ➤ રમતગમતના ક્ષેત્રમાં ભારતને 'મહાશક્તિ' બનાવવા કેન્દ્ર સરકાર દ્વારા 1000 'ખેલો ઈન્ડિયા સેન્ટર' સ્થપાશે

ભારતને રમતગમતનું હબ બનાવવા માટે ભારતમાં કેન્દ્ર સરકારના <u>રમતગમત મંત્રાલય</u> દ્વારા એક મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે.

- આ નિર્ણય અનુસાર સમગ્ર દેશમાં <u>જિલ્લા સ્તરે 1000</u> જેટલા <u>'ખેલો ઈન્ડિયા સેન્ટર' (Khelo India Centre -KIC)</u>ની સ્થાપના કરવામાં આવશે.
- અને આ તમામ સેન્ટરમાં કોચ તરીકે <u>પૂર્વ ચેમ્પિયન ખેલાડી</u>ની નિમણૂક કરવામાં આવશે. અથવા તો તેમના દ્વારા <u>તેનું સંચાલન</u> કરવામાં આવશે.
- સરકારના આ નિર્ણયથી ભારતના પૂર્વ ખેલાડીઓને આર્થિક મદદ મળી રહેશે.
- આ ઉપરાંત ભારતમાં રમતગમતને પ્રોત્સાહન મળે તે માટેનું એક માળખુ તૈયાર થશે.
- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ <u>રમતગમતના ક્ષેત્રમાં ભારતને 'મહાશક્તિ' બનાવવાનો</u> છે.

### આ સેન્ટરમાં કઈ રમતની તાલીમ મળશે ?

ખેલો ઈન્ડિયા સેન્ટર (KIC)માં <u>14 રમતો</u>ની તાલીમ આપવામાં આવશે.

- આ 14 રમતોમાં <u>તીરંદાજી, એથ્લેટિક્સ, મુક્કાબાજી, બેડમિન્ટન, સાયકલિંગ, તલવારબાજી, હોકી, જૂડો, નૌકાયન (સેઈલિંગ), શૂટિંગ, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, વેઈટ લિફ્ટીંગ અને રેસલિંગ (કુશ્તી)</u>નો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન ભારતમાં આવા 100 ખેલો ઈન્ડિયા સેન્ટર (KIC) સ્થાપવામાં આવશે.

(2) આ માટે ભારતમાં Sports Authority of India (SAI)ના વર્તમાન સેન્ટરોને 'ખેલો ઈન્ડિયા સેન્ટર'માં રૂપાંતરિત કરવાનો વિકલ્પ આપવામાં આવશે.

## ➤ ભારતના વરિષ્ઠ અર્થશાસ્ત્રી અને પૂર્વ IAS અધિકારી શ્રી બી. પી. આર. વિઠ્ઠલ બારુનું નિધન

ભારતના પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી અને 1950ની બેચના પૂર્વ IAS અધિકારી શ્રી બી. પી. આર. વિઠ્ઠલ બારુનું 19 જૂન 2020ના રોજ હૈદરાબાદ ખાતે 93 વર્ષની વયે નિધન થયું છે.

- તેમણે 1972થી 1982 દરમિયાન આંધ્રપ્રદેશમાં સૌથી લાંબા સમય માટે નાણાં અને યોજના સચિવ તરીકે સેવા આપી હતી.
- તેઓ દસમા નાણા પંચના સભ્ય પણ રહયા હતા.
- તેઓ કેરળના એપેન્ડીચર કમિશનના અધ્યક્ષ પણ હતા.
- તેમણે IMF (International Monetary Fund)માં મલાવી અને સુદાનની સરકારના સલાહકાર તરીકે પણ કાર્ય કર્યું હતું.
- આ ઉપરાંત તેમણે 'Centre for Economic and Social Studies, Hyderabad'ની સ્થાપના પણ કરી હતી.

**નોંધ :** શ્રી બી. પી. આર. વિઠ્ઠલના પ્રસિદ્ધ પુસ્તકોમાં A State in Periodic Crises : Andhra Pradesh અને The Gadgil Formula : For Allocation of Central Assistance For State Plansનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE CURRENT NEWS
કરંટ અફેર્સની તૈયારી હવે
વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો
અમારી YouTube ચેનલ

YouTube
ICE RAJKOT
SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION
માટે BELL icon PRESS કરો.

## ➤ ભારતના વિરોધ વચ્ચે નેપાળના રાષ્ટ્રપતિ દ્વારા નેપાળના નવા નકશાને મંજૂરી

નેપાળના મહિલા રાષ્ટ્રપતિ વિદ્યા દેવી ભંડારીએ નેપાળના નવા નકશાને મંજૂરી આપી દીધી છે.

- આ સાથે જ નેપાળનો નવો નકશો નેપાળના બંધારણનો એક ભાગ બની ગયો છે.
- આ અગાઉ નેપાળની સંસદના બંને ગૃહોમાં આ વિવાદાસ્પદ નકશાને મંજૂરી આપી દેવામાં આવી હતી.

### નવા નકશાના વિવાદનું કારણ

નેપાળ સરકાર દ્વારા થોડા સમય અગાઉ અધિકૃત રીતે નેપાળનો એક નવો નકશો જાહેર કરવામાં આવ્યો હતો.

- નેપાળના આ નવા નકશામાં ભારતના ઉત્તરાખંડના ત્રણ વિસ્તારોને નેપાળનો ભાગ ગણવામાં આવ્યા હતા.
- નેપાળના નવા નકશામાં સામેલ કરવામાં આવેલા ઉત્તરાખંડના આ ત્રણ વિસ્તારોમાં

  (1) કાલાપાની
  (2) લિપુલેખ અને
  (3) લિંપિયાધુરા

  નો સમાવેશ થાય છે.
- નેપાળના મતે સુગૌલી સંધિ (1816) અનુસાર કાલી નદીની પૂર્વમાં આવેલા તમામ વિસ્તારો કે જેમાં કાલાપાની, લિપુલેખ અને લિંપિયાધુરાનો સમાવેશ થાય છે તે નેપાળનો અભિન્ન ભાગ છે.
- જ્યારે ભારતના મતે આ વિસ્તારો ભારતના ઉત્તરાખંડના પિથોરગઢ જિલ્લાનો એક ભાગ છે.
- આથી, ભારતે નેપાળ દ્વારા તેના ભૂભાગમાં એકપક્ષીય અને અનુચિત રીતે વધારો કરવામાં આવ્યો હોવાનો આરોપ મૂકીને આ નકશાનો અસ્વીકાર કર્યો છે.

### સુગૌલી સંધિ (1816)

1814 થી 1816 દરમિયાન બ્રિટન અને નેપાળ વચ્ચે થયેલા યુદ્ધ દરમિયાન ઈસ્ટ ઈન્ડિયા કંપની અને નેપાળના રાજા વચ્ચે એક સંધિ થઈ હતી.

- આ સંધિ સુગૌલી સંધિ તરીકે ઓળખાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- આ સંધિ પર 2 ડિસેમ્બર 1815ના રોજ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- અને 4 માર્ચ 1816ના રોજ તેને મંજૂરી આપવામાં આવી હતી.
- આ સંધિ પર નેપાળ તરફથી રાજગુરુ ગજરાજ મિશ્રે અને ઈસ્ટ ઈન્ડિયા કંપની તરફથી લેફ્ટેનન્ટ કર્નલ પેરિસ બ્રેડશોએ હસ્તાક્ષર કર્યા હતા.
- આ સંધિમાં ભારત પાસે કયા વિસ્તારો રહેશે અને નેપાળ પાસે કયા વિસ્તારો રહેશે તેનો ઉલ્લેખ છે.
- પરંતુ તેમાં ભારત અને નેપાળ વચ્ચે સ્પષ્ટ સરહદ કયાંથી પસાર થશે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું નથી.
- આથી, ભારત અને નેપાળ વચ્ચે વર્ષોથી 54 જેટલા સ્થળો અંગે વિવાદ ચાલી રહયો છે.

**નોંધ :** (1) તાજેતરમાં મે 2020 દરમિયાન ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે ઉત્તરાખંડમાં નિર્માણ પામેલા ધારચૂલા-લિપુલેખ માર્ગનું ઉદ્દઘાટન કર્યું હતું.

(2) આ માર્ગ નેપાળના કાલાપાનીમાંથી પસાર થતો હોવાનું કારણ આપીને નેપાળ દ્વારા આ માર્ગનો વિરોધ કરવામાં આવ્યો છે. અને નેપાળનો નવો નકશો પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

1. ‘વિશ્વ સિકલ સેલ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 17 જૂન (B) 18 જૂન (C) 19 જૂન (D) 20 જૂન **(C)**

2. ભારતમાં રમતગમતને પ્રોત્સાહન અપવા માટે દેશભરમાં કુલ કેટલા ‘ખેલો ઈન્ડિયા સેન્ટર’ સ્થાપવાનો કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો છે ?
(A) 300 (B) 500 (C) 1000 (D) 1500 **(C)**

3. ભારતમાં રમતગમતને પ્રોત્સાહન આપવા માટે દેશભરમાં કયા સ્તરે ‘ખેલો ઈન્ડિયા સેન્ટર’ સ્થાપવાનો કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો છે ?
(A) રાજ્ય (B) જિલ્લા (C) તાલુકા (D) ગ્રામ્ય **(B)**

4. ભારતમાં દેશભરમાં જિલ્લા સ્તરે સ્થપાનાર ‘ખેલો ઈન્ડિયા સેન્ટર’માં કેટલી રમતોની તાલીમ આપવામાં આવશે ?
(A) 10 (B) 12 (C) 14 (D) 16 **(C)**

5. રમતગમત ક્ષેત્રમાં ભારતને 'મહાશકિત' બનાવવા માટે દેશભરમાં જિલ્લા સ્તરે કયા 1000 સેન્ટરો સ્થાપવામાં આવશે ?
(A) ખેલો ઈંડિયા સ્પોર્ટ્સ સેન્ટર (B) ખેલો ઈન્ડિયા ડિસ્ટ્રિક્ટ સેન્ટર
(C) ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર (D) ખેલો ઈન્ડિયા સેન્ટર **(D)**

6. નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન ભારતમાં કેટલા 'ખેલો ઈન્ડિયા સેન્ટર' (KIC) સ્થાપવામાં આવશે ?
(A) 100 (B) 200 (C) 300 (D) 500 **(A)**

7. તાજેતરમાં શ્રી બી. પી. આર. વિઠ્ઠલનું નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
(A) સંગીત (B) સાહિત્ય (C) અર્થશાસ્ત્ર (D) પત્રકારત્વ **(C)**

8. તાજેતરમાં શ્રી બી. પી. આર. વિઠ્ઠલનું નિધન થયું છે....તેમણે 1972થી 1982 દરમિયાન ભારતના કયા રાજ્યમાં સૌથી લાંબા સમય માટે નાણાં અને યોજના સચિવ તરીકે સેવા આપી હતી ?
(A) તમિલનાડુ (B) આંધ્રપ્રદેશ (C) કેરળ (D) કર્ણાટક **(B)**

9. નેપાળના નવા નકશામાં ભારતના કાલાપાની, લિપુલેખ અને લિંપિયાધુરા નામના વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે....આ વિસ્તારો ભારતના કયા રાજ્યમાં આવેલા છે ?
(A) સિક્કિમ (B) બિહાર (C) ઉત્તરપ્રદેશ (D) ઉત્તરાખંડ **(D)**

10. નેપાળના નવા નકશામાં ભારતના કાલાપાની, લિપુલેખ અને લિંપિયાધુરા નામના વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે....આ વિસ્તારો ભારતના ઉત્તરાખંડ રાજ્યના કયા જિલ્લામાં આવેલા છે ?
(A) પૌરી ગઢવાલ (B) પિથોરગઢ
(C) તેહરી ગઢવાલ (D) રુદ્રપ્રયાગ **(B)**

11. તાજેતરમાં ચર્ચામાં રહેલ સુગૌલી સંધિના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. ઈસ્ટ ઈન્ડિયા કંપની અને નેપાળના રાજા વચ્ચે આ સંધિ થઈ હતી.
2. 2 ડિસેમ્બર 1815ના રોજ આ સંધિ પર હસ્તાક્ષર થયા હતા.
3. 4 માર્ચ 1816ના રોજ આ સંધિને મંજૂરી આપવામાં આવી હતી.
4. આ સંધિ પર ભારત તરફથી શ્રી એમ. એસ. શ્રીકૃષ્ણને હસ્તાક્ષર કર્યા હતા.
Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 3, 4 (D) 2, 3 **(B)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**20 JUNE, 2020 SATURDAY**

## ➤ દિવસ મહિમા : 20 જૂન, વિશ્વ શરણાર્થી દિવસ (World Refugee Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે **20 જૂન**ના રોજ **'વિશ્વ શરણાર્થી દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.


- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ શરણાર્થીઓની સ્થિતિ અંગે જાગૃતિ લાવવાનો છે.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા **4 ડિસેમ્બર, 2000**ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ **2001**થી આ દિવસ ઉજવાય છે.
- વર્ષ 2020ની 'વર્લ્ડ રેફ્યુજી ડે'ની થીમ **'Every Actions Counts'** છે.

## ➤ ભારતના પ્રસિદ્ધ યુવા અભિનેતા શ્રી સુશાંત સિંહ રાજપૂતની અચાનક સંસારને અલવિદા

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ભારતના પ્રસિદ્ધ યુવા અભિનેતા **શ્રી સુશાંત સિંહ રાજપૂતે** 14 જૂન 2020ના રોજ **મુંબઈ**ના **બ્રાંદ્રા** ખાતે આવેલા પોતાના નિવાસ સ્થાને કોઈ અગમ્ય કારણોસર માત્ર 34 વર્ષની વયે આત્મહત્યા કરી લીધી છે.

- 21 જાન્યુઆરી 1986ના રોજ **બિહાર**ના **પટના** ખાતે તેમનો જન્મ થયો હતો.



### ટેલિવિઝન કારકિર્દી

શ્રી સુશાંત સિંહે તેમની અભિનેતા તરીકેની કારકિર્દીનો પ્રારંભ **ટેલિવિઝન**થી કર્યો હતો. ટેલિવિઝનમાં અભિનેતા તરીકે તેમની કારકિર્દીનો પ્રારંભ વર્ષ **2008**માં સ્ટાર પ્લસની **'કિસ દેશ મેં હૈ મેરા દિલ'** સિરિયલથી થયો હતો.

- ત્યારબાદ તેમણે વર્ષ 2009થી 2011 દરમિયાન **'પવિત્ર રિશ્તા'** નામની લોકપ્રિય સિરિયલમાં મુખ્ય અભિનેતા તરીકે ભૂમિકા ભજવી હતી.
- આ ઉપરાંત તેમણે **'જરા નચકે દિખા (સિઝન-2)'** અને **'ઝલક દિખલા જા-4'**માં પાર્ટિશિપન્ટ તરીકે ભાગ લીધો હતો.

## ફિલ્મ કારકિર્દી

- શ્રી સુશાંત સિંહની ફિલ્મ કારકિર્દીનો પ્રારંભ વર્ષ 2013માં 'કાય પો છે !' નામની હિન્દી ફિલ્મથી થયો હતો.
- ત્યારબાદ તેમણે શુદ્ધ દેસી રોમાંસ, પીકે, ડિટેક્ટિવ વ્યોમકેશ બકશી, ચંદા મામા દૂર કે, સોન ચિડિયા, ડ્રાઈવ વગેરે ફિલ્મોમાં કામ કર્યું હતું.

## પ્રસિદ્ધ ફિલ્મો

તેમની પ્રસિદ્ધ ફિલ્મોમાં કાય પો છે !, એમ. એસ. ધોની : દ અનટોલ્ડ સ્ટોરી મહેન્દ્ર સિંહ ધોની, રબતા, કેદારનાથ, છિછોરે વગેરેનો સમાવેશ થાય છે.

- જેમાંથી 'એમ. એસ. ધોની : દ અનટોલ્ડ સ્ટોરી મહેન્દ્ર સિંહ ધોની' નામની ફિલ્મમાં તેમણે ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી એમ. એસ. ધોનીનો અભિનય કર્યો હતો.

**નોંધ :** હવે પછી પ્રસિદ્ધ થનારી 'દિલ બેચારા' શ્રી સુશાંત સિંહની અંતિમ ફિલ્મ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## એવોર્ડ

શ્રી સુશાંત સિંહ રાજપૂતને એનાયત થયેલા કેટલાક એવોર્ડમાં આ એવોર્ડનો સમાવેશ થાય છે :

(1) ઈન્ડિયન ટેલિવિઝન એકેડેમી એવોર્ડ (2010)

(2) કલાકાર એવોર્ડ (2011)

(3) પ્રોડયુસર ગિલ્ડ ફિલ્મ એવોર્ડ (2014)

(4) સ્ક્રીન એવોર્ડ (2014), (2017)

(5) ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબોર્ન એવોર્ડ (2017)

**નોંધ :** (1) વર્ષ 2003માં દિલ્હી કોલેજ ઓફ એન્જિનિયરિંગની એન્ટ્રન્સ એકઝામમાં તેમને 7મો રેન્ક પ્રાપ્ત થયો હતો.

(2) આ ઉપરાંત શ્રી સુશાંત સિંહે એન્જિનિયરિંગની 11 જેટલી એન્ટ્રન્સ એકઝામ પાસ કરી હતી.

(3) તેમણે એક્ટિંગ માટે એન્જિનિયરિંગનો ચાર વર્ષનો કોર્ષ પૂરો થાય એ પહેલા જ કોલેજના ત્રણ વર્ષ બાદ કોલેજ છોડી દીધી હતી.

## ➤ ચીન દ્વારા થયેલી અથડામણના જવાબમાં ભારતના બહાદૂર જવાનોએ ચીનના 44 સૈનિકોને મોતને ઘાટ ઉતાર્યા

16 જૂન 2020ની રાત્રે લદાખ સરહદે ભારત અને ચીનના સૈનિકો વચ્ચે સર્જાયેલી અથડામણમાં ભારતના બહાદૂર જવાનોએ ચીનના આશરે 44 જેટલા સૈનિકોને મોતને ઘાટ ઉતાર્યા હતા.

- જ્યારે આ અથડામણમાં ભારતીય સેનાના કર્નલ શ્રી સંતોષ બાબુ સહિત ભારતના 20 જેટલા જવાનો વીરગતિ પામ્યા હતા.




### કયા વિસ્તારમાં આ ઘટના ઘટી હતી ?

ભારતના લદાખ અને ચીન વચ્ચે આવેલી Line of Actual Control (LAC) પર પૂર્વ લદાખમાં આવેલી ગલવાન ઘાટીના Patrolling Point 14 પાસે આ હિંસક ઘટના સર્જાઈ હતી.

### ગલવાન નદી

ગલવાન નદી ભારતના અભિન્ન અંગ અકસાઈ ચીનમાંથી નીકળીને ભારતના લદાખમાં વહે છે.

- આ નદીનું ઉદગમ સ્થાન કારાકોરમ પર્વત શ્રેણીના પૂર્વી ઢોળાવો પર આવેલા સામજુંગલિંગ પાસે આવેલું છે. કારાકોરમ પર્વત શ્રેણીના સામજુંગલિંગ પાસે ઉદ્ભવ પામીને આ નદી લદાખમાં વહેતી શ્યોક નદીમાં વિલય પામે છે.

**નોંધ :** અકસાઈ ચીન એ ભારતના લદાખનો અભિન્ન ભાગ છે. જોકે, આ વિસ્તાર પર 1962થી ચીનનો ગેરકાયદેસર કબ્જો છે.

### LAC

LACનું પૂરું નામ Line of Actual Control (વાસ્તવિક નિયંત્રણ રેખા) છે.

- ભારત અને ચીન વચ્ચેની વાસ્તવિક નિયંત્રણ રેખા LAC તરીકે ઓળખાય છે.
- 1962ના ભારત-ચીન યુદ્ધ બાદ આ રેખા અસ્તિત્વમાં આવી હતી.
- 1962ના ભારત–ચીન યુદ્ધ બાદ બંને દેશોની સેનાઓ જયાં તૈનાત હતી, તેને વાસ્તવિક નિયંત્રણ રેખા માનવામાં આવે છે.
- જોકે, સ્પષ્ટતાના અભાવને કારણે LACને વિશ્વની સૌથી લાંબી Unmarked સરહદ માનવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- **ભારત**ના **ચાર રાજ્યો અને 1 કેન્દ્ર શાસિત પ્રદેશ**માંથી **LAC** પસાર થાય છે.
- ભારત–ચીન સરહદે આવેલા આ **ચાર રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશ**ના નામ આ પ્રમાણે છે :

  (1) લદાખ
  (2) હિમાચલ પ્રદેશ
  (3) ઉત્તરાખંડ
  (4) સિક્કિમ અને
  (5) અરૂણાચલ પ્રદેશ

**નોંધ :** LAC (Line of Actual Control) શબ્દનો સૌપ્રથમ પ્રયોગ ચીનના તત્કાલીન વડાપ્રધાન ઝોઉ એનલાઈએ ભારતના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુને 1959માં લખેલા એક પત્રમાં કર્યો હતો.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મેકમહોન રેખા (McMahon Line)

**મેકમહોન રેખા** એ **ભારત અને તિબેટ** વચ્ચેની **સરહદી રેખા** છે.

- **1914**માં **બ્રિટિશ સરકાર અને તિબેટ** વચ્ચે થયેલા **શિમલા કરાર** અંતર્ગત આ સરહદ અસ્તિત્વમાં આવી હતી.
- જોકે, હાલમાં **તિબેટ ચીન**માં આવેલો એક **સ્વાયત્ત પ્રદેશ** છે.
- આથી, હાલ મેકમહોન રેખા **ભારત અને ચીન** વચ્ચે આવેલી છે.
- પરંતુ, 1914માં તિબેટ સાથે થયેલા કરાર અંતર્ગત આ રેખા અસ્તિત્વમાં આવી હોવાથી ચીન આ રેખાનો સ્વીકાર કરવાનો ઈનકાર કરે છે.
- આ મેકમહોન રેખા અનુસાર **અરૂણાચલ પ્રદેશ ભારત**નો એક ભાગ છે.
- જ્યારે આ રેખાનો અસ્વીકાર કરીને ચીન અરૂણાચલ પ્રદેશને **તિબેટ**નો એક ભાગ ગણાવી રહ્યું છે.

**નોંધ :** શિમલા કરારમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર અંગ્રેજ અધિકારી શ્રી હેનરી મેકમહોનના નામ પરથી આ રેખાને મેકમહોન રેખા નામ આપવામાં આવ્યું હતું.

## Johnson Line

ભારત અને ચીન વચ્ચે સીમા વિવાદના ઉકેલ માટે બ્રિટન ઈન્ડિયાના સિવિલ સેવા અધિકારી **શ્રી ડબલ્યુ એચ. જહોન્સને** **1865**માં એક દરખાસ્ત મૂકી હતી.

- આ દરખાસ્ત Johnson Line તરીકે ઓળખાય છે.
- જેમાં અક્સાઈ ચીનને ભારતના જમ્મુ કાશ્મીરનો એક ભાગ ગણવામાં આવ્યો છે.
- ભારત વર્તમાન સમયે આ જ 'જોન્સન રેખા'ને માન્ય ગણે છે.
- 1865માં અક્સાઈ ચીનની સરહદ ચીનના શિનજિયાંગ પ્રાંત સાથે જોડાયેલી હતી.
- અને એ સમયે શિનજિયાંગ પ્રાંત સ્વતંત્ર હતું. આથી આ પ્રાંત સાથે વાટાઘાટો કરીને 'જોન્સન લાઈન'ને ધ્યાનમાં રાખીને એ સમયે અંગ્રેજો ભારતમાં શાસન કરતા હતા.
- ત્યારબાદ 1878માં ચીને શિનજિયાંત પ્રાંત પર કબ્જો કરી લીધો હતો. અને હવે તેની નજર ભારતના અક્સાઈ ચીન પર હતી.
- ત્યારબાદ 1962ના ભારત-ચીન યુદ્ધમાં ચીને ભારતના અક્સાઈ ચીન પર કબ્જો કરી લીધો હતો.
- અને ત્યારબાદ ભારત-ચીન વચ્ચે LAC અસ્તિત્વમાં આવી હતી.

## ભારત-ચીન અંગે તાજેતરમાં ચર્ચામાં રહેલી કેટલીક મહત્ત્વની બાબતોનો પરિચય

### Pangong Tso Lake

પેન્ગોન્ગ ત્સો લેક (Pangong Tso Lake) એ વિશ્વમાં સૌથી વધુ ઊંચાઈ પર આવેલું ખારા પાણીનું સરોવર છે.



- આ સરોવર ભારતના લદાખમાં આવેલું છે.
- ભારત અને ચીન વચ્ચેની LAC (line of Actual Control) આ સરોવર પરથી પસાર થાય છે.
- આથી, અહીં ભારત અને ચીન વચ્ચે સરહદનું પ્રોપર સીમાંકન થયું નથી.
- પરિણામે, આ વિસ્તારમાં ભારત અને ચીન વચ્ચે અવાર–નવાર ઘર્ષણ થતું રહે છે.

**નોંધ :** શ્રી આમિર ખાનની પ્રસિદ્ધ ફિલ્મ 3 idiotsમાં ફિલ્મના અંત ભાગમાં આ સરોવરનું દૃશ્ય દર્શાવવામાં આવ્યું છે. આ ઉપરાંત અનેક હિન્દી ફિલ્મોમાં આ સરોવરને દર્શાવવામાં આવ્યું છે.

### Daulat Beg Oldi

દૌલત બેગ ઓલ્ડી (Daulat Beg Oldi) એ વિશ્વમાં સૌથી વધુ ઊંચાઈ પર આવેલી એક હવાઈ પટ્ટી (Air Strip) છે.

- ભારતના લદાખમાં શિયાચીન ગ્લેશિયર અને LACની ખૂબ જ નજીક આ એર સ્ટ્રીપ આવેલી છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- અહીં હાલ ભારત દ્વારા મિલેટરી બેઝ પણ બનાવવામાં આવ્યો છે.
- આ સ્થળેથી ચીન અને પાકિસ્તાન પર આસાનીથી નજર રાખી શકાય છે.

**નોંધ :** (1) ભારતીય એરફોર્સ દ્વારા સૌપ્રથમ વખત 1962માં અહીં વિમાનનું લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું.

(2) ત્યારબાદ ભારતીય એરફોર્સ દ્વારા વર્ષ 2008થી અહીં ફરીથી વિમાનોના લેન્ડિંગનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

## DSDBO Road

DSDBO Roadનું પૂરું નામ Darbuk-Shyok-DBO Road અથવા તો Darbuk-Shyok- Daulat Beg Oldi Road છે.




- ભારતના લદાખમાં Line of Actual Control (LAC)ની ખૂબ જ નજીક આ રોડ આવેલો છે.
- ભારતમાં લદાખના લેહને દોલત બેગ ઓલ્ડી સાથે આ રોડ જોડે છે.
- આ રોડ લેહને વાયા ડર્બુક અને શ્યોક થઈને દોલત બેગ ઓલ્ડી સાથે જોડે છે.
- આ રોડની લંબાઈ 255 કિલોમીટર છે.
- ભારતના border Roads Organisation (BRO) દ્વારા વર્ષ 2000થી 2019 વચ્ચે આ રોડનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ રોડથી ભારત ચીન સરહદે આવેલા કારાકોરમ ઘાટ સુધી ભારતીય સૈન્યની પહોંચ સુનિશ્ચિત બની છે. આ ઉપરાંત LACની લગભગ સમાંતર અને LACની ખૂબ જ નજીક આવેલા આ રોડને કારણે આ વિસ્તારમાં ભારતીય સૈન્યની સ્થિતિ ખૂબ જ મજબૂત બની છે.
- આથી, ચીન દ્વારા આ રોડનો વિરોધ કરવામાં આવી રહયો છે.

## ધારચૂલા-લિપુલેખ રોડ

ભારતના ઉત્તરાખંડમાં આવેલો આ રોડ કૈલાસ માનસરોવર યાત્રા માટે ખૂબ જ ઉપયોગી છે.

- આ રોડ ભારતમાં ઉત્તરાખંડના ધારચૂલાને ભારત–ચીન સરહદ પરના લિપુલેખ સાથે જોડે છે.

INSTITUTE FOR COMPETITIVE

- **80 કિમી** લંબાઈનો આ રોડ **લિપુલેખ ઘાટ**માંથી પસાર થાય છે.
- તાજેતરમાં **મે 2020** દરમિયાન ભારતના સંરક્ષણ મંત્રી **શ્રી રાજનાથ સિંહે** આ રોડનું ઉદ્દઘાટન કર્યું હતું.
- ભારતમાંથી કૈલાસ માનસરોવરની યાત્રા તથા સૈન્ય ગતિવિધિઓ માટે આ રોડ ખૂબ જ ઉપયોગી છે.
- આ રોડ **કાલાપાની** વિસ્તારમાંથી પસાર થાય છે.
- આથી, તાજેતરમાં આ રોડના ઉદ્દઘાટન બાદ ચીનના ઈશારે **નેપાળ** દ્વારા આ રોડનો વિરોધ કરવામાં આવ્યો હતો.
- અને ભારતના **કાલાપાની, લિપુલેખ અને લિંપિયાધુરા** વિસ્તારોને પોતાના ગણાવીને નેપાળે તેનો નવો નકશો જાહેર કર્યો હતો.

**તાજેતરમાં ચર્ચામાં રહેલા ઘાટ**

| ક્રમ | ઘાટ | ભારતમાં ક્યાં આવેલો છે ? |
|---|---|---|
| 1 | કારાકોરમ ઘાટ | લદાખ |
| 2 | લિપુલેખ ઘાટ | ઉત્તરાખંડ |
| 3 | નાથુલા ઘાટ | સિક્કિમ |

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) થોડા સમય અગાઉ વર્ષ **2017**માં **સિક્કિમ** પાસેના **દોકલામ**માં ભારત અને ચીનની સેના વચ્ચે સંઘર્ષ થયો હતો.

(2) **દોકલામ** એ **ભારત, ચીન અને ભૂટાન** એમ કુલ **ત્રણ દેશો**ની સરહદ પર આવેલો એક વિસ્તાર છે. **ભૂટાન**માં આવેલા આ વિસ્તારને **ચીન** પોતાનો વિસ્તાર માની રહ્યું છે.

(2) **ચીન**ની સેનાનું નામ **'પિપલ્સ લિબરેશન આર્મી' (PLA)** છે.

## ROE Agreement 1996

**ROE Agreementનું** પૂરું નામ **Rules of Engagement Agreement** છે.

- ભારતના વડાપ્રધાન **શ્રી એચ. ડી. દેવગૌડા** અને ભારતના પ્રવાસે આવેલા ચીનના રાષ્ટ્રપતિ **જિઆંગ જેમિન** વચ્ચે **1996**માં આ કરાર થયા હતા.
- આ કરારનો મુખ્ય ઉદ્દેશ ભારત ચીન સરહદે **શાંતિ જાળવવાનો અને બંને દેશોના સૈન્યો વચ્ચે વિશ્વાસ વધારવાનો** હતો.
- આ કરાર અંતર્ગત કરવામાં આવેલી એક જોગવાઈ અનુસાર **ભારત અને ચીનના સૈનિકો** દ્વારા **LAC (Line of Actual Control)**થી **અંદરના 2 કિલોમીટર**ના વિસ્તારમાં બંદૂક, વિસ્ફોટક કે રાસાયણિક હથિયાર વગેરે જેવા હથિયારોનો ઉપયોગ થઈ શકતો ન હતો.
- આથી, આ કરારને કારણે ભારત અને ચીન વચ્ચે થતા ઘર્ષણ દરમિયાન સૈનિકો બંદૂક કે અન્ય કોઈ હથિયારનો ઉપયોગ કરતા ન હતા.
- જોકે, તાજેતરમાં **16 જૂન 2020**ના રોજ **ગલવાન ઘાટી**માં ભારત ચીન વચ્ચે થયેલા ઘર્ષણ બાદ **ભારત આ કરારમાંથી મુક્ત થઈ ગયું છે.**
- અને ભારત સરકારે ભારતની સોનાને **LAC** પર યોગ્ય કાર્યવાહી માટે કોઈપણ હથિયારનો ઉપયોગ કરવાની ખુલ્લી છૂટ આપી દીધી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. 'વિશ્વ શરણાર્થી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 18 જૂન (B) 19 જૂન (C) 20 જૂન (D) 30 જૂન **(C)**

2. વર્ષ 2020ની 'વર્લ્ડ રેફ્યુજી ડે'ની થીમ શું છે ?
   (A) Refugee Youth : Building the Future
   (B) We stand together with refugees
   (C) Take A Step on World Refugee Day
   (D) Every Action Counts **(D)**

3. ભારતના પ્રસિદ્ધ અભિનેતા શ્રી સુશાંત સિંહ રાજપૂતનું તાજેતરમાં નિધન થયું છે.....
   શ્રી સુશાંત સિંહના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
   1. તેમનો જન્મ બિહારના પટનામાં થયો હતો.
   2. તેમની ટેલિવિઝન કારકિર્દીનો પ્રારંભ 'પવિત્ર રિશ્તા' સિરિયલથી થયો હતો.
   3. તેમની ફિલ્મ કારકિર્દીનો પ્રારંભ 'કાય પો છે !'થી થયો હતો.
   4. તેમને વર્ષ 2016માં પદ્મ શ્રી પુરસ્કાર એનાયત થયો હતો.

   Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 3 **(D)**

4. 16 જૂન, 2020ના રોજ ભારત અને ચીન વચ્ચે ગલવાન ઘાટીના પેટ્રોલિંગ પોઈન્ટ 14 પાસે અથડામણ સર્જાઈ હતી...આ ગલવાન ઘાટી ભારતના કયા વિસ્તારમાં આવેલી છે ?
(A) ઉત્તર લદાખ (B) દક્ષિણ લદાખ (C) પૂર્વ લદાખ (D) પશ્ચિમ લદાખ **(C)**

5. ગલવાન નદી ભારતની કઈ પર્વતશ્રેણીમાંથી નીકળે છે ?
(A) ગઢવાલ હિમાલય (B) કાંચનજંગા હિમાલય
(C) કારાકોરમ (D) કિરાત હિમાલય **(C)**

6. ગલવાન નદીનું ઉદ્દગમ સ્થાન કારાકોરમ પર્વત શ્રેણીના કયા સ્થળ પાસે આવેલું છે ?
(A) સામજુંગલિંગ (B) લિસાનોથેરાચિંગ
(C) સિનસેનયાંગતાંગ (D) સામડેનપેનબેન્ગ **(A)**

7. તાજેતરમાં ચર્ચામાં રહેલ શ્યોક નદી ભારતના કયા વિસ્તારમાં આવેલી છે ?
(A) સિક્કિમ (B) અરૂણાચલ પ્રદેશ (C) ઉત્તરાખંડ (D) લદાખ **(D)**

8. ભારત અને ચીન વચ્ચે આવેલી 'લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ' (LAC) ભારતના કેટલા રાજ્ય તથા કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી પસાર થાય છે ?
(A) ત્રણ રાજ્યો અને 1 કેન્દ્ર શાસિત પ્રદેશ
(B) ચાર રાજ્યો અને 1 કેન્દ્ર શાસિત પ્રદેશ
(C) પાંચ રાજ્યો અને 1 કેન્દ્ર શાસિત પ્રદેશ
(D) છ રાજ્યો અને 1 કેન્દ્ર શાસિત પ્રદેશ **(B)**

9. ભારતના કયા રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશમાંથી LAC (લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ) પસાર થાય છે ?
(A) લદાખ, હિમાચલ પ્રદેશ, હરિયાણા, સિક્કિમ, અરૂણાચલ પ્રદેશ
(B) લદાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, સિક્કિમ, અરૂણાચલ પ્રદેશ
(C) લદાખ, હિમાચલ પ્રદેશ, બિહાર, સિક્કિમ, અરૂણાચલ પ્રદેશ
(D) લદાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરપ્રદેશ, સિક્કિમ, અરૂણાચલ પ્રદેશ **(B)**

10. નીચેનામાંથી ભારતના કયા રાજ્યની સરહદ ચીનને સ્પર્શતી નથી ?
(A) અરૂણાચલ પ્રદેશ (B) આસામ (C) સિક્કિમ (D) ઉત્તરાખંડ **(B)**

11. નીચેનામાંથી ભારતના કયા રાજ્યની સરહદ નેપાળને સ્પર્શતી નથી ?
(A) સિક્કિમ (B) પશ્ચિમ બંગાળ (C) આસામ (D) ઉત્તરાખંડ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**12.** 1914માં થયેલા કયા કરાર બાદ ભારત અને તિબેટ વચ્ચે મેકમહોન રેખા અસ્તિત્વમાં આવી હતી ?

(A) લેહ કરાર (B) લદાખ કરાર (C) શ્યોક કરાર (D) શિમલા કરાર **(D)**

**13.** ભારત અને ચીનના કયા પ્રાંત વચ્ચે જ્હોન્સન લાઈન (1865) આવેલી છે ?

(A) ઝેજિયાંગ (B) શિનજિયાંગ (C) જિયાનશિ (D) હેઈલોન્ગજિયાંગ **(B)**

**14.** વિશ્વમાં સૌથી વધુ ઊંચાઈ પર આવેલું ખારા પાણીનું સરોવર કયું છે ?

(A) પેન્ગોન્ગ ત્સો (B) પ્યોનલોન્ગ ત્સો

(C) સ્યોનસ્કોત ત્સો (D) જીયાનઝુંગ પી **(A)**

**15.** તાજેતરમાં ચર્ચામાં રહેલ ગલવાન ઘાટી તથા પેન્ગોન્ગ ત્સે લેક લદાખના કયા જિલ્લામાં આવેલા છે ?

(A) ઉત્તર લદાખ (B) દક્ષિણ લદાખ (C) કારગીલ (D) લેહ **(D)**

**16.** તાજેતરમાં ચર્ચામાં રહેલ દોલત બેગ ઓલ્ડીનો સંબંધ ભારતના કયા રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશ સાથે છે ?

(A) લદાખ (B) ઉત્તરાખંડ (C) સિક્કિમ (D) અરૂણાચલ પ્રદેશ **(A)**

**17.** વિશ્વમાં સૌથી વધુ ઊંચાઈ પર આવેલી હવાઈ પટ્ટી (Air Strip) કઈ છે ?

(A) શ્યોક (B) ડુર્બુક (C) પ્યોંગયોંગ (D) દોલત બેગ ઓલ્ડી **(D)**

**18.** તાજેતરમાં ચર્ચામાં રહેલ DSDBO Road દોલત બેગઓલ્ડીને કયા સ્થળ સાથે જોડે છે ?

(A) કારગીલ (B) લેહ (C) નૈનીતાલ (D) દહેરાદૂન **(B)**

**19.** ડર્બુક–શ્યોક–દોલત બેગ ઓલ્ડી રોડની લંબાઈ કેટલી છે ?

(A) 150 કિમી (B) 180 કિમી (C) 235 કિમી (D) 255 કિમી **(D)**

**20.** તાજેતરમાં ચર્ચામાં રહેલ ડર્બુક–શ્યોક–દોલત બેગ ઓલ્ડી રોડ ભારતીય સેનાની પહોંચ કયા ઘાટ સુધી સુનિશ્ચિત બનાવે છે ?

(A) કારાકોરમ (B) લિપુલેખ

(C) નાથુલા (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**21.** ધારચૂલા–લિપુલેખ રોડ ભારતના કયા રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશમાંથી પસાર થાય છે ?

(A) લદાખ (B) સિક્કિમ

(C) અરૂણાચલ પ્રદેશ (D) ઉત્તરાખંડ

**(D)**

**22.** ધારચૂલા–લિપુલેખ રોડ ઉત્તરાખંડના કયા જિલ્લાના ધારચૂલાને લિપુલેખ ઘાટ સાથે જોડે છે ?

(A) પિથોરગઢ (B) પૌરી ગઢવાલ

(C) ચમોલી (D) તેહરી ગઢવાલ

**(A)**

**23.** ઘાટ (PASS) અને રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશની નીચેની જોડમાંથી કઈ જોડી સાચી છે ?

(A) નાથુલા ઘાટ – સિક્કિમ (B) કારાકોરમ ઘાટ – લદાખ

(C) લિપુલેખ ઘાટ – ઉત્તરાખંડ (D) ઉપરોક્ત ત્રણેય

**(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**24.** ભારત અને ચીન વચ્ચે થયેલા કયા કરાર અંતર્ગત ચીન અને ભારતના સૈનિકો LACની 2 કિલોમીટર અંદર બંદૂક સહિતના હથિયારોનો ઉપયોગ કરતા ન હતા ?

(A) Rules of Engagement Agreement, 1992

(B) Rules of Engagement Agreement, 1996

(C) Rules of Engagement Agreement, 1998

(D) Rules of Engagement Agreement, 2002

**(B)**

**25.** ચીનના રાષ્ટ્રપતિ જિઆંગ જેમિન અને ભારતના કયા વડાપ્રધાન વચ્ચે Rules of Engagement (ROE) Agreement, 1996 થયા હતા ?

(A) શ્રી ઈન્દર કુમાર ગુજરાલ (B) શ્રી પી. વી. નરસિંહ રાવ

(C) શ્રી એચ. ડી. દેવગૌડા (D) શ્રી વી. પી. સિંહ

**(C)**

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ➤ શ્રી ઉર્જિત પટેલની 'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક ફાઈનાન્સ એન્ડ પોલિસી' (NIPFP)ના અધ્યક્ષ તરીકે નિમણૂક

ભારતમાં RBI (રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા)ના પૂર્વ ગવર્નર શ્રી ઉર્જિત પટેલની 'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક ફાઈનાન્સ એન્ડ પોલિસી' (NIPFP)ના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે. NIPFPના નવા અધ્યક્ષ તરીકે શ્રી ઉર્જિત પટેલ શ્રી વિજય કેલકરનું સ્થાન લેશે. 'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક ફાઈનાન્સ એન્ડ પોલિસી' એ ભારતમાં કેન્દ્ર સરકારના નાણાં મંત્રાલય અંતર્ગતની એક સ્વાયત્ત સંશોધન સંસ્થા છે. તેની સ્થાપના 1976માં થઈ હતી. અને તેનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

### ➤ અદાણી ગ્રીન એનર્જીને મળ્યો વિશ્વનો સૌથી મોટો સોલાર પાવર પ્લાન્ટ બનાવવાનો ઓર્ડર

ગુજરાતી ઉદ્યોગપતિ શ્રી ગૌતમ અદાણીની કંપની 'અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ'ને 8000 મેગાવોટનો વિશ્વનો સૌથી મોટો સોલાર પાવર પ્લાન્ટ (ફોટોવોલ્ટેક પાવર પ્લાન્ટ) બનાવવાનો ઓર્ડર મળ્યો છે. આ અત્યાર સુધીનો સૌથી મોટો ઓર્ડર છે. ભારત સરકારની Solar Energy Corporation of India (SECI) Ltd. નામની કંપની દ્વારા અદાણી ગ્રીન એનર્જીને આ ઓર્ડર આપવામાં આવ્યો છે. આ અંતર્ગત અદાણી ગ્રીન એનર્જીને 2000 મેગાવોટના સોલાર સેલ અને તેના મોડ્યુલનું (એટલે કે સોલાર કીટનું) ઉત્પાદન કરવાનો ઓર્ડર પણ મળ્યો છે. આ પ્રોજેક્ટ માટે અદાણી ગ્રીન એનર્જી રૂ. 45,300 કરોડનું રોકાણ કરશે. ગુજરાત તથા રાજસ્થાનના રણપ્રદેશમાં આ પાવર પ્લાન્ટ સ્થપાવાની સંભાવના છે. અદાણી ગ્રીન એનર્જી ઉપરાંત Azure Power Global Limitedને પણ 4000 મેગાવોટનો પાવર પ્લાન્ટ સ્થાપવાનો અને 1000 મેગાવોટના સોલાર સેલ અને તેના મોડ્યુલનું ઉત્પાદન કરવાનો ઓર્ડર મળ્યો છે.

## ➤ Confederation of Indian Industry (CII)ના નવા અધ્યક્ષ તરીકે શ્રી ઉદય કોટકની નિમણૂક

કોટક મહિન્દ્રા બેન્કના વર્તમાન CEO શ્રી ઉદય કોટકની ભારતીય ઉદ્યોગ સંઘ (Confedration of Indian Industry - CII)ના નવા અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે. ભારતીય ઉદ્યોગ સંઘના નવા અધ્યક્ષ તરીકે શ્રી ઉદય કોટક શ્રી વિક્રમ કિર્લોસ્કરનું સ્થાન લેશે. શ્રી ઉદય કોટક વર્ષ 2020-21 માટે CIIના અધ્યક્ષ રહેશે. જ્યારે બજાજ ફિનસર્વ લિમિટેડના CEO અને MD શ્રી સંજીવ બજાજની CIIના ઉપાધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

## ➤ કેન્દ્રીય ખાણ મંત્રાલય દ્વારા ભારતમાં 'સત્યભામા' પોર્ટલ લોન્ચ

15 જૂન 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના કોલસા અને ખાણ મંત્રાલય દ્વારા 'સત્યભામા' પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે. તેનું પૂરું નામ 'Science and Technology Yojana for Atmanirbhar Bharat in Mining Advancement' છે. ભારતમાં આત્મનિર્ભર ભારત અભિયાનના ઉદ્દેશો પૂરા કરવા માટે કેન્દ્ર સરકારના ખાણ મંત્રાલયની 'Science and Technology Programme Scheme' અંતર્ગત 'સત્યભામા' (SATYABHAMA) નામનું આ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વિશ્વ

## ➤ વર્ષ 2022નો મહિલા એશિયન ફૂટબોલ કપ ભારતમાં યોજાશે

AFC એટલે કે Asian Football Confederation દ્વારા તાજેતરમાં વર્ષ 2022ના AFC Women's Asian Cupની યજમાની માટે ભારતને મંજૂરી આપી દેવામાં આવી છે. આ અંતર્ગત મહિલા એશિયન ફૂટબોલ કપ-2022 ભારતમાં યોજાશે. આ અગાઉ વર્ષ 1979માં ભારતમાં આ કપનું આયોજન થયું હતું.

ICE Questions

- 'નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક ફાઈનાન્સ એન્ડ પોલિસી' (NIPFP)ના નવા અધ્યક્ષ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી ઉર્જિત પટેલ
- ભારતની કઈ કંપનીને વિશ્વનો સૌથી મોટો સોલાર પાવર પ્લાન્ટ બનાવવાનો ઓર્ડર મળ્યો છે ? – અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ
- ભારતની અદાણી ગ્રીન એનર્જી લિમિટેડને કેટલા મેગાવોટનો વિશ્વનો સૌથી મોટો સોલાર પાવર પ્લાન્ટ બનાવવાનો ઓર્ડર મળ્યો છે ? – 8000 મેગાવોટ
- ભારતની અદાણી ગ્રીન એનર્જી લિમિટેડને કોના દ્વારા વિશ્વનો સૌથી મોટો સોલાર પાવર પ્લાન્ટ બનાવવાનો ઓર્ડર મળ્યો છે ?

  – SECI અથવા તો Solar Energy Corporation of India Ltd.
- SECI દ્વારા તાજેતરમાં ભારતમાં કઈ કંપનીને 4000 મેગાવોટનો પાવર પ્લાન્ટ સ્થાપવાનો ઓર્ડર આપવામાં આવ્યો છે ?

  – Azure Power અથવા તો Azure Power Global Limited
- 8000 મેગાવોટના વિશ્વના સૌથી મોટા પાવર પ્લાન્ટની સ્થાપના તથા એની સાથે સંકળાયેલા અન્ય પ્રોજેક્ટ માટે અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ દ્વારા કેટલા રૂપિયાનું રોકાણ કરવામાં આવશે ?

  – રૂ. 45,300 કરોડ (અથવા તો રૂ. 45,000 કરોડ)
- ભારતીય ઉદ્યોગ સંઘ (Confederation of Indian Industry (CII)ના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી ઉદય કોટક

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ ભારતમાં કેન્દ્ર સરકારના ખાણ મંત્રાલયની 'સાયન્સ એન્ડ ટેક્નોલોજી પ્રોગ્રામ યોજના' અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા કયું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે ?

– સત્યભામા

➤ ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા તાજેતરમાં 'સત્યભામા' નામનું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે ? – ખાણ મંત્રાલય (Ministry of Mines)

➤ એશિયન ફૂટબોલ ફેડરેશન (AFC) દ્વારા વર્ષ 2022ના મહિલા ફૂટબોલ કપની યજમાની માટે કયા દેશને મંજૂરી આપવામાં આવી છે ? – ભારત

➤ વર્ષ 2022નો AFC Women's Asian Cup ક્યાં યોજાશે ? – ભારત





Click Here To
DOWNLOAD

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. ફિનલેન્ડમાં ભારતના નવા રાજદૂત તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?

– શ્રી રવીશ કુમાર

(ભારતના વિદેશ મંત્રાલયમાં સંયુક્ત સચિવ તરીકે કાર્ય કરી રહેલા શ્રી રવીશ કુમારની Finlandમાં સુશ્રી વાણી સર્રાજુ રાવની જગ્યાએ ભારતના નવા રાજદૂત તરીકે નિમણૂક કરવામાં આવી છે.)

2. ભારત સરકાર દ્વારા 'માલાબાર નૌસેના અભ્યાસ'માં કયા દેશને સામેલ કરવાની વિચારણા હાથ ધરવામાં આવી છે ? – ઓસ્ટ્રેલિયા

(માલાબાર નૌસેના અભ્યાસ એ ભારત, અમેરિકા અને જાપાનની નૌસેના વચ્ચે યોજાતો ત્રિપક્ષીય સૈન્ય અભ્યાસ છે. તેનો પ્રારંભ 1992માં ભારત અને અમેરિકા વચ્ચે થયો હતો. ત્યારબાદ વર્ષ 2015માં તેમાં જાપાનનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને હવે તેમાં ઓસ્ટ્રેલિયાનો સમાવેશ કરવાની વિચારણા ચાલી રહી છે.)

3. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જૂન 2020 દરમિયાન કયા દેશ દ્વારા આયોજિત વર્ચ્યુઅલ 'Global Vaccine Summit' (વૈશ્વિક રસી સંમેલન)ને સંબોધન કર્યું હતું ?

– બ્રિટન

4. જૂન 2020 દરમિયાન યોજાયેલા 'Global Vaccine Summit'માં Global Alliance for Vaccines and Immunisation (GAVI)ને કેટલા રૂપિયાની સહાય આપવાની ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેરાત કરી હતી ? – 15 મિલિયન અમેરિકન ડોલર

5. ભારતમાં 'હિન્દી પત્રકારત્વ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 30 મે

6. તાજેતરમાં કઈ ભાષાના પ્રસિદ્ધ લેખક અને વ્યંગ્યકાર શ્રી મુજતબા હુસેનનું નિધન થયું છે ?

– ઉર્દુ

7. વર્ષ 2020ના રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ માટે BCCI દ્વારા ભારતના કયા ક્રિકેટના નામની ભલામણ કરવામાં આવી છે ? – શ્રી રોહિત શર્મા

8. સુશ્રી આર. શ્રીલેખાની ભારતના કયા રાજ્યના પ્રથમ મહિલા DGP તરીકે નિમણૂક કરવામાં આવી છે ? – કેરળ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. કેરળના પ્રથમ મહિલા Director General of Police (DGP) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – સુશ્રી આર. શ્રીલેખા

10. શ્રી અશ્વિની ભાટિયાની તાજેતરમાં કઈ બેન્કના મેનેજિંગ ડિરેક્ટર (MD) તરીકે નિમણૂક કરવામાં આવી છે ? – SBI

11. Wrestling Federation of India (WFI) દ્વારા વર્ષ 2020ના અર્જુન એવોર્ડ માટે કયા ખેલાડીના નામની ભલામણ કરવામાં આવી છે ? – સુશ્રી વિનેશ ફોગટ

12. FSSAI એટલે કે 'Food Safety and Standards Authority of India'ના નવા CEO (Chief executive Officer) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
– શ્રી અરૂણ સિંઘલ
(FSSAIના નવા CEO તરીકે શ્રી અરૂણ સિંઘલે શ્રી જી.એસ.જી. અયંગરનું સ્થાન લીધું છે.)

13. ભારતમાં 19 જૂન 2020ના રોજ રાજ્યસભાની કુલ કેટલી સીટો માટે મતદાન થયું હતું ?
– 24

14. વર્ષ 2020ના રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર માટે હોકી ઈન્ડિયા દ્વારા કોના નામની ભલામણ કરવામાં આવી છે ?
– સુશ્રી રાની રામપાલ (ભારતીય મહિલા હોકી ટીમના કપ્તાન)

15. કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા ભારતમાં કેટલા ખરીફ પાકોના લઘુત્તમ ટેકાના ભાવ (Minimum Support Price-MSP)માં વધારાને મંજૂરી આપવામાં આવી છે ? – 14

16. પર્યાવરણ ક્ષેત્રમાં સહયોગ માટે ભારત અને ભારતના કયા પાડોશી દેશ વચ્ચે થયેલી સમજૂતીને કેન્દ્રીય મંત્રીમંડળે તાજેતરમાં મંજૂરી આપી છે ? – ભૂટાન

17. શ્રી અનવર સાગરનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
– ફિલ્મ
(શ્રી અનવર સાગર બોલિવૂડ અથવા તો હિન્દી ફિલ્મોના પ્રસિદ્ધ ગીતકાર હતા. તેમણે વિજયપથ, યારાના, સપને સાજન કે, ખિલાડી, મૈં ખિલાડી તૂ અનાડી, સલામી, આ ગલે લગ જા વગેરે જેવી અનેક હિન્દી ફિલ્મો માટે ગીતો લખ્યા હતા. તેમણે લખેલું શ્રી અક્ષય કુમારની ફિલ્મ ‘ખિલાડી’નું ‘વાદા રહા સનમ’ ગીત આજે પણ લોકપ્રિય છે.)

18. COVID-19 અંગે જાગૃતિ ફેલાવવા માટે ભારતના કયા રાજ્યમાં ‘મિશન ફતેહ’ નામનું એક અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે ? – પંજાબ

19. કુવૈતમાં ભારતના નવા રાજદૂત તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
– શ્રી સિબિ જ્યોર્જ

20. વીજળી ક્ષેત્રે સહયોગ માટે ભારત અને કયા દેશ વચ્ચે જૂન 2020 દરમિયાન સમજૂતી થઈ છે ? – ડેન્માર્ક

INSTITUTE FOR COMPETITIVE EXAMS

21. રોમાનિયામાં ભારતના નવા રાજદૂત તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
– શ્રી રાહુલ શ્રી વાસ્તવ

22. ઉત્તરાખંડના મુખ્યમંત્રી શ્રી ત્રિવેન્દ્ર સિંહ રાવતે કયા શહેરને ઉત્તરાખંડની ઉનાળુ રાજધાની બનાવવાની જાહેરાત કરી છે ? – ગૈરસૈણ
(ઉત્તરાખંડની વર્તમાન રાજધાની દહેરાદૂન હવે ઉત્તરાખંડની શીયાળુ રાજધાની રહેશે.)

23. સ્વિત્ઝર્લેન્ડમાં ભારતના નવા રાજદૂત તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
– સુશ્રી મોનિકા કપિલ મોહતા

24. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા BS-VI શ્રેણીના તમામ વાહનોની નંબર પ્લેટ પર કયા રંગની પટ્ટી લગાવવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે ? – લીલા–નારંગી
(ભારતમાં 1 ઓકટોબર 2020થી આ નિયમ લાગુ થશે. જેમાં BS-6 સીરિઝના પેટ્રોલ તથા CNG વાહનો પર લીલા રંગની અને ડિઝલ વાહનો પર નારંગી રંગની એક સેન્ટિમીટર પહોળી પટ્ટી લગાવવામાં આવશે.)

25. 5 જૂન 2020ને 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે ભારતના કયા રાજ્યમાં સૌપ્રથમ વખત ઓનલાઈન કચરા વિનિમય કાર્યક્રમ (Online Waste Exchange Program) લોન્ચ કરવામાં આવ્યો છે ? – આંધ્રપ્રદેશ

26. સંયુકત રાષ્ટ્ર દ્વારા યુદ્ધગ્રસ્ત કયા દેશને આપવામાં આવતી સહાયમાં કાપ મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – યમન

27. ભારતના કયા રાજ્યમાં પ્રાઈવેટ નોકરીઓમાં રાજ્યના યુવાનો માટે 75 ટકા સીટ અનામત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – હરિયાણા
(હરિયાણામાં ખાનગી ક્ષેત્રની કુલ નોકરીઓમાંથી 75 ટકા નોકરી ફકત હરિયાણાના યુવાનોને જ આપવામાં આવશે.)

28. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા SBP રિપોર્ટ અનુસાર વર્ષ 2020માં વિશ્વમાં સૌથી વધુ મોંઘવારી કયા દેશમાં છે ? – પાકિસ્તાન
(SBP એટલે કે સ્ટેટ બેન્ક ઓફ પાકિસ્તાનના આ રિપોર્ટ અનુસાર વર્ષ 2020માં સમગ્ર વિશ્વમાં સૌથી વધુ ફુગાવાનો દર પાકિસ્તાનમાં જોવા મળ્યો છે.)

29. ભારતના કયા રાજ્યમાં પ્રસિદ્ધ કવિ શ્રી લક્ષ્મીકાન્ત મહાપાત્ર દ્વારા રચિત 'વંદે ઉત્કલ જનની' ગીતને 'રાજ્ય ગીત'નો દરજ્જો આપવામાં આવ્યો છે ? – ઓડિશા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT